Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું. } { જેઠ.
અંક ૩ જો. } { સંવત ૧૯૭૯.

अनुक्रमणिका.

૧ ઉપદેશક દુહા. ( સંગ્રાહક મુ. ક. વિ. ) ૭૧
૨ કમાણી શું ખરી સાચી ? ( મુનિ. કસ્તુરવિજય ) ૭૨
૩ સ્વાર્થી સંસાર. ( રા. સુંદરલાલ ) ૭૩
૪ શાસન પ્રેમી સજ્જન ભાઈ બ્હેનોની ફરજ. ( સ. ક. વિ. ) ૭૪
૫ શાણી ને સહૃદય શ્રાવિકાઓ પ્રત્યે બે બોલ. „ ૭૫
૬ ભૂલનો સુધારો. ૭૬
૭ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય. ( રા. તંત્રી ) ૭૭
૮ શ્રી ચિદાનંદજી કૃત બ્હોંતેરીમાંથી પદ ૧૦-૧૧-૧૨ સાર્થ. ( સ. ક. વિ. ) ૮૦
૯ શ્રી પાલણપુરમાં જ્ઞાનોત્સવ. ૮૪
૧૦ પ્રશ્નોત્તર. ૮૫
૧૧ પુસ્તકો અને તેના વાંચનની જરૂરિયાત. ( રા. ચંપકલાલ ) ૮૭
૧૨ જીવન ચક્ર. ( નવજીવન-અંક ૨૯ ) ૯૦
૧૩ પોપટિયું જ્ઞાન. ( રા. ભાઈલાલ સુંદરજી ) ૯૨
૧૪ ધર્મ ક્રિયા વિવેક. ( રા. તંત્રી. ) ૯૪
૧૫ ભારત વર્ષના ઇતિહાસનું રહસ્ય. ( પ્રાચીન સાહિત્યમાંથી ) ૯૬
૧૬ પુસ્તકોની પહોંચ ( ટાઇટલ પૃષ્ઠ ૩ જું )

"બીજા જેઠ માસમાં અંક બહાર પડશે નહીં. અશાડમાં પડશે."

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦
પોસ્ટેજ રૂ. ૦-૪-૦
છુટક નકલ રૂ. ૦-૩-૦

પ્રગટકર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

ભાવનગર-'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મદુલાલ લશ્કરભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

બહાર પડેલ છે.

૧ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧ લું-૨ જું. (આવૃત્તિ ત્રીજી)

૧ છપાય છે.

૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૪ થો. સ્તંભ ૧૯ થી ૨૪.(થોડા વખતમાં
૩ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી. બહાર પડશે.)
૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા. ભાષાંતર-વિભાગ ૨ જો.
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી
૬ શ્રી વર્દ્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૭ શ્રી પાક્ષિક સૂત્ર ને શ્રમણસૂત્રાદિ, સંસ્કૃત છાયા, ગુજરાતી અર્થ સાથે.

૨ તૈયાર થાય છે.

૧ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર (જૈનાચાર્ય કૃત)
૩ શ્રી પ્રકરણ-પુષ્પમાળા. વિભાગ ૨ જો. (નાના નાના પ્રકરણો-સાર્થ.)

## શ્રી સૂક્તમુક્તાવળી (ધર્મવર્ગ), હિતશિક્ષા છત્રીશી, શ્રાવકની કરણીની સજ્ઝાય, રત્નાકર પચ્ચીશી.

આ ચાર વસ્તુ ગુજરાતી અક્ષરથી છપાવીને અમારા તરફથી બહાર પાડવામાં આવી છે. સહાય મળેલી છે, તેથી સંસ્થાઓમાં તેમજ અન્યને ભેટ પણ મોકલાય છે અને કિંમત પણ એક આનો રાખેલ છે. જૈનવિદ્યાશાળા અને જૈન કન્યાશાળાઓમાં દરેક અભ્યાસીને ખાસ કંઠે કરાવવા લાયક છે. ભેટ મંગાવનારને પણ પોસ્ટેજ મોકલવું પડે છે. પત્ર અમારા તરફ લખવો. તંત્રી.

## શ્રી નમસ્કાર માહાત્મ્ય તથા કુર્માપુત્ર ચરિત્ર.

ભાષાંતર. (આવૃત્તિ બીજી.)

આ બંને ગ્રંથો કે જે સંસ્કૃત ને પ્રાકૃત ભાષામાં છે, તેના ભાષાંતર કરાવીને શ્રી જૈન ધર્મ પ્રકાશ પુ. ૩૫-૩૬ ની ભેટ તરીકે આપવામાં આવેલ તે થઇ રહેવાથી કેટલાક સુધારા સાથે આ બીજી આવૃત્તિ બહાર પાડી છે. બંને વસ્તુ બહુજ ઉપયોગી છે. વાંચવા લાયક છે. વાંચતાં કર્મોની નિર્જરા થાય તેમ છે. કિંમત બે આના રાખેલ છે.

આ આવૃત્તિની ૫૦૦ નકલ આ સભાના મુરબ્બી શા. કુંવરજી આણંદજીએ તેમની સદ્ગત ધર્મપત્ની બાઇ રૂપાળીના શ્રેયાર્થે રાખેલી છે તે સાધુ સાધ્વીઓને તેમજ જૈન સંસ્થાઓ વિગેરેને ભેટ આપવાની છે. તેના ઇચ્છકે પત્ર સભા તરફ લખવો. પોસ્ટેજ એક આનો મોકલવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું.] જેઠ-સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯. [અંક ૩ જો.

## ઉપદેશક દુહા.

પરલોકે સુખ પામવા, કર સાચો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧.
રજકણ તારાં રઝળશે, જેમ રઝળતી રેત;
પછી ન રત્ન પામી શકે, ચેત ચેત નર ચેત. ૨.
પ્રાણ જશે જો પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી જશે, ચેત ચેત નર ચેત. ૩.
જોર કરીને જીવવું, ખરેખરૂં નર ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૪.
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ રહેશે સૌ પડ્યાં, ચેત ચેત નર ચેત. ૫.
કાળા કેશ મટી ગયા, સઘળા હુઆ સફેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત; ૬.
ગાફેલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
હવે જરૂર હુશિયાર થઈ, ચેત ચેત નર ચેત. ૭.
રહ્યા ન રાણા રાજીયા, સુરનર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે. ચેત ચેત નર ચેત. ૮.

( સંગ્રાહક સ. ક. વિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કમાણી શું કરી સાચી?

અરે ઓ માનવી શાણા, હૃદયમાં તું વિચારી જો;
અવતરી જ્ઞાની દુનિયામાં, કમાણી શું કરી સાચી.? ૧
જીવનના સર્વ ક્ષણને તેં, વાપરી લાભ શું લીધો;
ગુમાવી જીંદગી સઘળી, કમાણી શું કરી સાચી.? ૨
સહીને સેંકડો કષ્ટો, કરેલાં પુણ્યના બળથી;
પામીને માનવી જીવન, કમાણી શું કરી સાચી.? ૩
અનંતા જીવની જાનો,[1] લઈ તેં લોભના વશથી;
થઇને શ્રીપતિ[2] જગમાં, કમાણી શું કરી સાચી.? ૪
બનાવી બાગ ને બંગલા, વસાવી હાથી ને ઘોડા;
બીછાવી ગાદી ને તકીઆ, કમાણી શું કરી સાચી.? ૫
સેંકડો નાટકો જોયા, નચાવી નિત્ય ગણિકાઓ;
સીનેમા શોખથી જોઈ, કમાણી શું કરી સાચી.? ૬
મોટર ને સાઇકલો ઉપર, બેસીને ખુબ તું મ્હાલ્યો;
દોડાવી ગાડી ઘોડાને, કમાણી શું કરી સાચી.? ૭
મેવા ને ફ્રુટ સીકાઈ, તીખાં ને ખુબ તમતમતા;
જમીને ભાવતાં ભોજન, કમાણી શું કરી સાચી.? ૮
હીરા માણેક ને પન્ને, જડેલાં અંગમાં સઘળે;
ઘરેણાં ભાવથી પ્હેરી, કમાણી શું કરી સાચી.? ૯
રેશમી ને વળી કસબી, સરસ બારીક ને કોમળ;
વસ્ત્રને અંગમાં પ્હેરી, કમાણી શું કરી સાચી.? ૧૦
વિષયની વાસનાથી તું, રમણીઓમાં રહી મશગુલ;
વિકારોને વધારીને, કમાણી શું કરી સાચી? ૧૧
દેહને પુષ્ટ કરવાને, ઔષધિઓ ઘણી ખાધી;
વધારી દેહના બળને, કમાણી શું કરી સાચી.? ૧૨
કરી વ્યાપાર તેં મોટા, હજારો લાખ ક્રોડોને;
ગુમાવી તે કમાઇ ને, કમાણી શું કરી સાચી.? ૧૩
અનીતિ આચરીને તેં, દેવાળું કાઢવી સઘળે;
રડાવી રાંક નિર્ધનને, કમાણી શું કરી સાચી.? ૧૪

૧ પ્રાણો. ૨ લક્ષ્મીપતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુલી જઈ ઈશનો મારગ, સ્વચ્છંદે આપ ચાલીને;
ભોળવી લોકને ભોળા, કમાણી શું કરી સાચી? ૧૫
પ્રભુનું નામ ના લીધું, દામનું નામ જપતાં તેં;
જીવનના અંતને આણી, કમાણી શું કરી સાચી? ૧૬
કઠણતા ઉર વિષે ધારી, સ્તુતિ ના ઈશની કીધી;
રહીને માનમાં નિશદિન, કમાણી શું કરી સાચી? ૧૭
વિચારી તુચ્છ વિચારો, જગતનું ના ભલું કીધું;
યત્નથી તું વિચારી જો, કમાણી શું કરી સાચી? ૧૮

મુનિ કસ્તુરવિજય.

# " स्वार्थी संसार. "

સ્વાર્થ ભર્યો સંસાર, સમજીએ, સ્વાર્થ ભર્યો સંસાર.
ગત ભવ સંચિત પુન્યપ્રભાવથી, વૈભવ હોય અપાર;
વૈભવ સુખનો અંત થતાં હે, સ્નેહી વાક્ પ્રહાર.—સમજીએ૦
દંતપંક્તિ પડે કેશ ધવળ બને, અંગ ન સ્થિર લગાર;
મરણ પામતાં કાષ્ટવત્ ગણી, દે બાંધવ અંગાર—સમજીએ૦
માત પિતા બાંધવ પત્ની સુત, સ્નેહી સંબંધી હાર;
વિરમે શોક કરી ક્ષણ ભર સહુ, દિન બસ દસ કે બાર—સમજીએ૦
ભાવથકી જમી ભોજન મીઠડાં, ભાવી ભૂલે મરનાર;
કર્મ શુભાશુભ આતમથી કદી, નવ તસુએ ખસનાર—સમજીએ૦
જનક જમીન જર વ્હેંચતાં કરે, વિષ ભરી તકરાર;
લેખી અરિ કરી ક્રોધ કારમો, બંધુ બંધુ દે માર—સમજીએ૦
સ્વાર્થ સાધના કરતાં વિસરે, ધર્મ પ્રભુ પર પ્યાર;
જૂઠ મનાવી નવ કરે કાંઈ, છેતરતાં જરી વાર—સમજીએ૦
પૂરણ પુન્ય પ્રતાપથી પામ્યા, ઉત્તમ આ અવતાર;
સ્વાર્થી જન બંધનથી ઉગરીએ, કરીએ આતમ ઉદ્ધાર—સમજીએ૦
દેવ ગુરૂ પૂજન ગુણ ગુંજન, નવ ચૂકીએ કોઈ વાર;
વીરચંદન સુધારસ પીતાં, પામીએ ભવજળપાર—સમજીએ૦

" સુંદર "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાસનપ્રેમી સજ્જન ભાઈબ્હેનોની ફરજ.

૧ સહુએ વિકથાદિક પ્રમાદાચરણ તજી, આચાર વિચારની શુદ્ધિ સાચવવા ઘટતો પ્રયત્ન કરવો.

૨ બીજા મુગ્ધ જનોને પણ પ્રેમથી શુદ્ધિ રાખવા સૂચવવું અને તેના ગુણ હૃદયમાં ઠસે તેમ સમજાવવા.

૩ કઇક મુગ્ધ જનોને તો ભક્ષ્યાભક્ષ્યનું, પેયાપેયનું, હિતાહિતનું, કૃત્યાકૃત્યનું કે ગુણદોષનું કશું ભાન સરખું હોતું નથી, તેઓ અજ્ઞાન અને અવિવેકવશ લગભગ પશુજીવન જીવતા હોય છે. તેમને જો પ્રેમપૂર્વક નિઃસ્વાર્થપણે તેનું યથાર્થ ભાન કરાવવામાં આવે તો સરલપણે ખરી વાતનો તેઓ જરૂર સ્વીકાર કરી, તેનું દૃઢતાથી પાલન કરી, સ્વહિત સુધારી શકે છે; એટલુંજ નહિં પણ પોતાની પ્રજાને ખરો માર્ગ બતાવી સુખી બનાવી શકે છે. તેથી ઉચિત છે કે સહૃદય શાસનપ્રેમી ભાઈબ્હેનોએ તેવા જીવોને ધર્મનું ખરૂં રહસ્ય પ્રેમથી સમજાવી અપૂર્વ લાભ બાંધવો.

૪ કઇક જીવો ગતાનુગતિકપણે ધર્મકરણી કરતા હોય છે, તેઓ ક્રિયારુચિ હોય છે, પણ તેનું રહસ્ય સમજતા હોતા નથી, તેમને તેમનું ખરૂં રહસ્ય સમજાવવાથી તેઓ બમણા (બેવડા) ઉત્સાહથી ધર્મક્રિયા કરી, ઘણા કર્મની નિર્જરા કરી આત્મશુદ્ધિ કરી શકે છે; તેથી ઉચિત છે કે સમાગમમાં આવતા તેવા અજાણ ભાઈબ્હેનોને ધર્મક્રિયાના હેતુ ફળાદિકની ઠીક સમજણ આપવા બનતો પ્રયાસ કરવા ભૂલવું નહિ.

૫ ગુજરાતી, કાઠિયાવાડી અને કચ્છી–વાગડીઆ વિગેરે ભાઈબ્હેનો મુગ્ધપણે પીવાનું પાણી લગભગ ઢોરના અવેડા જેવું ગોબરૂં કરી મૂકે છે, પાણી પીધેલું વાસણ મોઢાની લાળથી ખરડેલું હોય છતાં તે ગોળામાં નાંખે છે, એવી ભૂલ ઘણા ખરા નાના મોટા ભાઇઓ અને બ્હેનો કરતા રહે છે, તેમાં એકવાડને લીધે અસંખ્ય જીવો નવા ઉપજે છે ને મરે છે. વળી પાણી પીનારમાંના કોઈ કોઇને જો તાવ કે ક્ષયાદિક રોગ લાગુ પડેલ હોય તો તેનો ચેપ તેવું એઠું પાણી પીનારા બીજાઓને લાગવા સંભવ છે. લોકમાં પણ અપવાદ થવા પામે છે. રોગ લાગુ પડતાં દવા દારૂની નાહક ઉપાધિ ને ખર્ચમાં ઉતરવું પડે છે. વળી તેવા ગોબરા પાણીથી રસોઇ બનાવી જમવા જમાડવામાં આવે છે, તેમજ તેવી ચીજો સાધુ–સંતોને પણ વહોરાવાય છે, તેથી ઉચિત છે કે દેખીતા નજીવા લાગતા પણ ભારે અનર્થ કરતા આ કુરિવાજને દૂર કરવા–કરાવવા દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગે જરૂર લક્ષ્ય રાખવું-રખાવવું ઘટે છે. આચારશુદ્ધિ રાખવા બાબત સાધુ-સાધ્વીઓ પણ ઘટતો ઉપદેશ પ્રેમપૂર્વક આપી શકે. અત્યાર સુધી જે ગોબરવાડો ખાનપાનમાં ચાલતો દીસે છે તે સદંતર દૂર કરવા એક સરખા ઉપદેશની ભારે જરૂર છે. તેની અસર વધારે સંગીન થવા સંભવ રહે છે. વધારે નહિ તો રસોઈ માટે તો અબોટ જળજ વાપરવા જાતે લક્ષ્ય રાખી, બીજી બ્હેનોને પણ સમજાવવુ જોઇએ.

૬ દિવસમાં બે ચાર ઘડી દેવગુરૂનું ધ્યાન, સ્મરણ, વંદન પૂજન, શાસ્ત્રવાંચન, શ્રવણ ને મનનાદિકમાં અવશ્ય ગાળવા જાતે લક્ષ્ય રાખી, અન્ય બ્હેનોને સમજાવી તેમને ધર્મમાર્ગમાં જોડવા ને રસ લેતા કરવા ઘટે છે.

૭ યથાશક્તિ વ્રત નિયમ જાતે આદરી બીજાને સમજાવવા ઘટે છે.

સ. ક. વિ.

# શાણી ને સહૃદય શ્રાવિકાઓ પ્રત્યે બે બોલ.

વ્હાલી બ્હેનો ! અહિંસા, સંયમ ને તપલક્ષણ પવિત્ર ધર્મનું રહસ્ય સમજીને તમારે તમારા આચાર વિચારની બને તેટલી શુદ્ધિ કરવી જોઇએ.

૧ સહુ નાના મોટા જીવ-જંતુઓને પોતાના આત્મા સમાન લેખી, જયણાથીજ સઘળાં કામકાજ કરવાં. હાલતાં ચાલતાં, બેસતાં ઉઠતાં, ખાતાં, પીતાં, સૂતાં કે વાતો કરતાં નાહક કોઈ જીવનું જોખમ થાય તેવી બેદરકારી રાખવી ન ઘટે. શરીર શુદ્ધિ, વસ્ત્ર શુદ્ધિ, તેમજ ભૂમિની શુદ્ધિ પણ જયણાપૂર્વક કરવી જોઇએ. રસોઈ કરતાં છાણાં ઇંધણાં તેમજ વાપરવાની ચીજો-લોટ, દાળ, ચોખા પ્રમુખને પણ શોધીનેજ વાપરવા ઘટે. પ્રવાહી વસ્તુઓ ઘી તેલ દૂધ દહીં છાશ પ્રમુખને ઉઘાડાં નહીં મૂકતાં તેને સારી રીતે સંભાળથી ઢાંકી રાખવાં, જેથી જીવહાનિ થવા ન પામે. ખાન-પાનમાં બને તેટલી ચોખ્ખાઇ સાચવવી. ગોબરાઈ કરવી નહિ. પાણી પીધેલું એઠું વાસણ ગોળામાં નાંખી બધું પાણી ગોબરૂં-એઠું કરવું નહીં. પાણી કાઢવાનું એક વાસણ ( ડોયો કે લોટકો ) જૂદું રાખવું. અબોટ જળથીજ રસોઈ કરવાનો રિવાજ રાખવો, ઢોરના અએઠા જેવું ગંદુ ને ગોબરૂં પાણી પીવું કે પાવું નહીં. તેવા એઠાં જળવતી રસોઇ કરી ખાવી ખવરાવવી કે સાધુ સંતને વહોરાવવી કેમ ઘટે ? લોકનિંદા ને ધર્મહાનિ ન થાય માટે કાળજીથી ચોખ્ખાઇનો ખપ કરવો. જૂદા જૂદા જરૂરી સ્થાનકે ચંદરવા બાંધી રાખવા, જેથી સ્વપર જીવની રક્ષા થવા પામે.

૨ ખાનપાનમાં લોભને વશ નહિ થતાં ખાસ જરૂરિયાત તરફ લક્ષ્ય રાખી, સાદુ સાત્વિક નિર્વિકારી ભોજન નિયમસર દિવસે કરવું કે જેથી રોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાર ન થાય ને સુખશાન્તિ જળવાઇ રહે. બાળબચ્ચાંઓને તથા કુટુંબ કબીલાને એવીજ સૂચના ને પ્રેરણા કરવી ઘટે.

૩ દયા, સત્ય, પ્રમાણિકતા, સુશીલતા ને સંતોષાદિક સદ્ગુણોને જ ખરાં ભૂષણ લેખી આદરવા ઘટે અને નિર્દયતા, જૂઠ, અનીતિ, કુશીલતા તથા લોભાદિક અવગુણોને તજવા ઘટે.

૪ કલેશ-કંકાસ, વેર ઝેર, ચાડી ચુગલી, વિકથા, પરનિંદા, માયા-કપટ અને મિથ્યાત્વાદિક દૂર કરવા ઘટે.

૫ કરકસરથી ખર્ચ કમી કરવું, ખોટા ઠાઠમાઠમાં ખર્ચ કરવું-કરાવવું નહિ, સાદું અને નિર્દોષ જીવન ગાળવું.

૬ ચરબી ખરડ્યાં કે પરદેશી દેશી મીલના રેશમી કે સૂતરાઉ વસ્ત્રો ઉપરનો નકામો મોહ તજી દેવો, અને શુદ્ધ સ્વદેશી, હાથવતી સુતર કાંતી વણેલાં નિર્દોષી વસ્ત્રથીજ જીવનનિર્વાહ કરવાનો નિશ્ચય રાખવો.

૭ ચા, તમાકુ, અફીણ, વિદેશી ખાંડ, મધ, માખણ તથા હોટલનાં ભ્રષ્ટ ખાણાં-પીણાંની કુટેવ તજી દેવી.

૮ પ્રિય ને હિતવચન બોલવું. ગાળભેળ કે ગેરવ્યાજબી વાણી ન કાઢવી. બાળબચ્ચાંઓને પણ સારી રીતે કેળવીને સુધારવાની ચીવટ રાખવી. ' શાણી માતાઓ શિક્ષકોની ગરજ સારે ' એ ખરૂં પાડવું.

૯ સહુનું હિત ચિન્તવવું. દુઃખીનું દુઃખ કાપવું, સુખી ને સદ્ગુણીને દેખી રાજી થવું અને પાપીનો પક્ષ ન કરવો.

૧૦ સ્વપર હિત કરવા સદા સાવધાન રહેવું. ઇતિશમ્.

( સ. ક. વિ. )

## ભૂલનો સુધારો.

સ. ક. વિ. ના ચૈત્ર માસના અંકમાં આપેલ લેખમાં **ધર્મો રક્ષતિ રક્ષતિ** છપાયેલ છે તે **ધર્મો રક્ષતિ રક્ષિતઃ** જોઇએ. અને **પાપી પાપેન** પચ્યતે છે ત્યાં **પાપઃ પાપેન પચ્યતે** જોઇએ. એવો સુધારો સૂચવે છે.

બીજા એક મુનિ સૂચવે છે કે શ્રી. કાલેલકરના લેખને મથાળે **કૈવલ્ય**-દ્દૂમના મધ્યમાં કૌંસ કરીને નિર્વાણ શબ્દ મૂક્યો છે તે બરાબર છે, પણ નીચે નોટ લખી છે તે બરાબર નથી. કૈવલ્ય શબ્દનો અર્થ નિર્વાણ પણ થાય છે.

બીજી એ વાત સૂચવે છે કે કોઇ પણ શુભ કાર્ય ' **પરમાત્માની કૃપાથી** પાર ઉતર્યું છે-થયું છે. ' એમ લખવાને બદલે શાસનદેવની કૃપાથી અથવા ગુરૂમહારાજની કૃપાથી લખવું ઠીક છે. કારણ કે પરમાત્મા તો વીતરાગ થયેલા છે, તેની કૃપા તો સર્વની ઉપર છે, તેથી સર્વના સારાં કે નઠારાં કાર્યો સિદ્ધ થવા જોઇએ, પણ તેમ થતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ઠ ૫૧ થી )

કર્મયોગે મોટા મોટા પણ ચૂકે છે—ચૂકયા છે, તેના દૃષ્ટાંતો તેવી ભૂલો ન કરવા માટે રાસના કર્ત્તાએ બતાવ્યા છે. તેમનો ઉદ્દેશ મોટાઓની ભૂલ કાઢવાનો નથી, એ તો એકાંત ગુણગ્રાહી છે, પણ વાચકવર્ગને ચેતાવવા માટે હિતશિક્ષાને અંગે એક હકીકતને દૃઢ કરવા આ વાત લખી છે.

૧ પ્રથમ સીતાના પતિ રામ ચૂકયા કે જે સુવર્ણનો મૃગ દેખીને સીતાના કહેવાથી તે લેવા દોડ્યા. પોતે જગતના કર્ત્તા કહેવાય છે, તો એટલું ધ્યાનમાં ન રહ્યું કે—મેં સુવર્ણનો મૃગ બનાવ્યો નથી તેથી આમાં કાંઈક કપટ છે, પરંતુ આવેશમાં એવા મોટા પણ ચૂકી ગયા.

૨ બીજી સીતા ચૂકી. જુઓ! રામચંદ્રે મઢી કર્યા પછી આડી રેખા કરી દીધી હતી કે તેની અંદર સિંહાદિ શ્વાપદ અથવા બીજું કોઈ આવી શકે નહીં. સીતાએ તે રેખાની બહાર પગલું ભર્યું તો રાવણ ઉપાડી શકયો. એ બાબતમાં પતિની આજ્ઞાને પૂર્ણપણે પાળનારી છતાં સીતા ચૂકી.

૩ ત્રીજો લક્ષ્મણ ચૂકયો, કે જે સિંહનાદ સાંભળીને રામની મદદે સીતાને રેઢી મૂકીને દોડ્યો. એના ધ્યાનમાં એમ ન રહ્યું કે મારા બંધુ સીતાપતિ રામ હારે તેમ [illegible]. સિંહનાદ તો રાવણે કર્યો હતો, કેમકે લક્ષ્મણની હાજરીમાં સીતાને લઈ જઈ શકાય તેમ ન હોતું. અહીં સ્નેહના આવેશમાં લક્ષ્મણ ચૂકયો.

૪ ચોથો હનુમંત વીર ચૂકયો. તે સીતાની શોધ કરતો કરતો લંકાના અશોક વનમાં પહોંચ્યો, સીતાને મળ્યો, તેની સાથે બધી વાત કરી, રામચંદ્રની નિશાની આપી ને તેની લીધી, પણ તેને ઉપાડીને રામચંદ્ર પાસે લઇ ન ગયો, જો લઈ ગયો હોત તો લડાઈની મોટી ધામધુમ કરવી ન પડત.

૫ પાંચમા ગૌતમસ્વામી ચૂકયા. આણંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું. તેણે ગૌતમસ્વામીને કહ્યું કે—' હું અવધિજ્ઞાનથી આટલું દેખું છું. ' તેના જવાબમાં ગૌતમસ્વામીએ 'શ્રાવક એટલું ન દેખે' એમ કહ્યું, પણ ઉપયોગ દઇને તે સંબંધી વિચાર ન કર્યો, પછી મહાવીર પરમાત્મા પાસે ગયા ને પૂછયું. તેમણે 'આણંદની વાત બરાબર છે' એમ કહ્યું, એટલે તે પાછા ત્યાં જઈને મિચ્છામિ દુક્કડ આપી આવ્યા, પણ એકવાર ચૂકયા ખરા.

૬ છઠ્ઠો શંખરાજા ચૂકયો કે જેને પોતાની રાણી કળાવતીના શિયળ સંબંધી પાકી ખાત્રી થયેલી હતી છતાં તેણે ભાઈના મોકલેલા બેરખા પહેર્યા હતા ને આનંદ કરતી હતી, તે જોઈ પરપુરૂષના મોકલેલાની શંકા કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...ને વગર તપાસ કર્યે તેના હાથ કાપી નાખ્યા. આનું નામ રભસ વૃત્તિ.

૭ સાતમા અમરકુમાર ચૂકયા કે જેણે વણિકપુત્ર થઈને સહજની શંકામાં પોતાની પ્રાણપ્રિયા સુરસુંદરીને અરણ્યમાં તજી દીધી. બીલકુલ વિચારજ ન કર્યો.

૮ આઠમા નંદરાજા ચૂકયા કે જેણે માત્ર એક વીપ્રના વચનથી શકડાળ મંત્રીના ઘરમાં રાજાનેજ ભેટ કરવા માટે બનતા છત્ર ચામરાદિક જાણીને 'પોતાનું રાજ્ય લઈ લેશે' એવી શંકા કરી, પરાઙ્મુખપણું કર્યું, તેને પરિણામે શકડાળે આત્મઘાત કર્યો અને નંદરાજાએ એવો પ્રવીણ મંત્રી ગુમાવ્યો.

૯ નવમા રામચન્દ્ર ફરીને ચૂકયા કે પોતાને સીતાના શિયળની પાકી ખાત્રી હતી છતાં માત્ર લોકરંજનને માટે સીતા પાસે અગ્નિમાં પ્રવેશ કરવાનું ધીજ કરાવ્યું. આ સાહસ કાંઈ જેવું તેવું નહોતું. શિયળના પ્રભાવે બધું શાંત થઈ ગયું પણ એમાં દીર્ઘ દ્રષ્ટિ ગણાણી નહીં.

૧૦ દશમા નળ રાજા ચૂકયા કે જેણે સહજની શંકાથી દમયંતી જેવી મહાસતીને અરણ્યમાં તજી દીધી. આગલો પાછલો વિચાર પણ ન કર્યો.

૧૧ અગ્યારમા વિમળ મંત્રી ચૂકયા કે જે આબુ ઉપર પોતાના કરાવેલા ચૈત્યમાં પ્રભુની સામે ઘોડે ચડીને બેઠા-ઉભા ન રહ્યા.

આ પ્રમાણે મોટા મોટા પણ અનેક ચૂકયા છે. માટે કોઈ ચૂકેલ હોય તો તેના ચૂકયાનો વિચાર ન કરતાં હવે પછી તે પોતાની ફરજ ન ચૂકે તેટલા માટે સદુપદેશ આપવો. જે પ્રાણી તે સમજે અને ડહાપણપૂર્વક સ્વીકારે તે તો માતાપિતાની ભક્તિ અવશ્ય કરે.

હવે રાસના કર્ત્તા કહે છે કે-પોતાના પિતાની તો ભક્તિ કરવી, પરંતુ તે કરતાં વિશેષ પોતાની માતાની ભક્તિ કરવી. નીતિમાં કહ્યું છે કે-"ઉપાધ્યાયની દશ વખત ભક્તિ કરવા જેટલું પુણ્ય આચાર્યની એક વખત ભક્તિ કરવાથી થાય છે. આચાર્યની સો વાર ભક્તિ કરવાથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય પિતાની એક વાર ભક્તિ કરવાથી થાય છે, અને પિતાની હજાર વાર ભક્તિ કરવાથી જેટલું પુણ્ય થાય તેટલું માતાની એક વાર ભકિત કરવાથી થાય છે. માતાનું ઋણ મનુષ્યને માથે ઘણું છે. તેણે બાલ્યાવસ્થામાં જે સંભાળ લીધી છે તેનો બદલો વળી શકે તેમ નથી."

પશુને તો માતા સાથે માતાપણું જ્યાં સુધી તે ધાવે ત્યાં સુધીજ છે, અધમ મનુષ્યને માતાપણું ઘરમાં પોતાની સ્ત્રી ન આવે ત્યાં સુધી હોય છે, મધ્યમ મનુષ્યને માતાપણું ઘર બરાબર ચાલે નહીં-પોતાની સ્ત્રી પાવરધી થાય નહીં ત્યાં સુધી હોય છે અને ઉત્તમ મનુષ્યને તો માતાપણું તેના ને પોતાના જીવિત પર્યંત હોય છે. પોતે નિરંતર તેની સેવા કરે છે અને તેની આજ્ઞા ઉઠાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુની માતા પોતાની પછવાડે પોતાનું બચ્ચું ચાલ્યું આવે ત્યારે ખુશી થાય છે, મધ્યમ મનુષ્યની માતા પોતાનો પુત્ર કમાતો થાય ત્યારે ખુશી થાય છે, ઉત્તમ પુરૂષની માતા જ્યારે પોતાના પુત્રની ખુબ પ્રશંસા સાંભળે ત્યારે ખુશી થાય છે, અને લોકોત્તર અથવા લોકોત્તમ પુરૂષની માતા તો જ્યારે પોતાનો પુત્ર ત્રણ ભુવનમાં વિખ્યાત થાય ત્યારે ખુશી થાય છે.

શાસ્ત્રમાં પાંચ માતા કહેલી છે. ૧ રાજાની રાણી, ૨ પોતાની જન્મદાતા માતા, ૩ ગુરૂપત્ની, ૪ સાસુ અને ૫ ઓરમાન માતા હોય તો તે.

શાસ્ત્રમાં પાંચ પિતા કહ્યા છે. ૧ પંડ્યા (ભણાવનાર), ૨ જન્મદાતા પિતા, ૩ અન્નદાતા (શેઠ), ૪ વિદ્યાગુરૂ અને ૫ કોઈ વખત પ્રાણની રક્ષા કરે તે. આ પાંચેને પિતાતુલ્ય માનવા. આમાં પંડ્યા ને વિદ્યાગુરૂ બે કહ્યા છે, તેમાં એક વ્યાવહારિક શિક્ષણ આપનાર અને બીજા ધાર્મિક અભ્યાસ કરાવનાર સમજવા.

શાસ્ત્રમાં પાંચ ભ્રાતા કહ્યા છે. ૧ મિત્ર, ૨ એક માતાનો જન્મેલ બંધુ, ૩ વ્યાધિને પ્રસંગે સંભાળ લેનાર, ૪ સાથે ભણનાર અને ૫ માર્ગે સાથ કરનાર. આ ભાઈઓનું યથાયોગ્ય ઉચિત જાળવે, તેને મનની વાત-શંકા પૂછે, પોતામાં કાંઈ વિશેષ કળા હોય તો તેને શીખવે અને સાથે જમે રમે. તેને હિત-શિક્ષા આપે, કોઈ વાતમાં તે ન સમજે તો તેનો નિર્વાહ કરી લેય, પણ વઢી ન પડે અને તેને પાઇને પોતે પાણી પીવે, તેને જમાડીને જમે, બંધુ સાથે કોઇ પણ વખત લડે નહિ, મોટા ભાઇની મર્યાદા જાળવે. જુઓ, ભરતચક્રીના ૯૮ ભાઇઓએ શું કર્યું ? ભરતે આજ્ઞા માનવાનું કહેવરાવ્યું, પોતાની પાસે બોલાવ્યા, ત્યારે ત્યાં ન જતાં પિતા પાસે-પ્રભુપાસે ગયા અને પોતાને શું કરવા યોગ્ય છે તે પૂછ્યું. પરમાત્માએ ઉપદેશ આપ્યો, એટલે ત્યાંજ પ્રતિબોધ પામવાથી ચારિત્ર લઇ લીધું, ઘરે પણ ગયા નહિ. મોટાભાઈ સાથે ન લડવાના ઈરાદાથી પ્રભુ પાસે ગયા અને આત્માનું કલ્યાણ કર્યું; માટે અન્ય બંધુઓએ પણ ભાઈ સાથે કેમ વર્તવું તેનો વિચાર કરવો. કહ્યું છે કે—

**સુખમાં સાંભરે ભારજા, દુઃખમાં સાંભરે માય;**
**બાંધવ ત્યારે સાંભરે, માથે વાગે ઘાય. ૧**
**ભુખ્યા ભોજન સમરીએ, તરસ્યા સમરે નીર;**
**રણમાંહી બાંધવ સમરીએ, માડી જાયો વીર. ૨**
**રયણી થોડી રણ ઘણાં, પુંઠે ચડ્યા કેકાણ[1];**
**બાંધવ હોય તો માંડીએ,[2] નહિંકર ઉડવી પરાણ[3]. ૩**

આ બધાનો સાર એ છે કે ભાઈ ખરા કષ્ટ વખતે કામ આવે છે, તેથી

૧ ઘોડા. ૨ યુદ્ધ કરીએ. ૩ ભાગી જઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની સાથે જેમ બને તેમ સ્નેહમાં વૃદ્ધિ કરીએ, કલેશ કદિ પણ ન કરીએ.

હવે રાસકર્ત્તા કહે છે કે—ઉપર કહ્યા સિવાયના કાકો, મામો, ભાણેજ, સ્ત્રીઓ, મોટો કાકો, દાદો વિગેરે જે સંબંધી હોય તે બધાનું ઉચિત જાળવવું. સ્ત્રી સાથેનું ઉચિત પણ જાળવવું. જે તે ઉચિત જાળવે છે તેજ આ સંસારમાં સુખે રહી શકે છે. કર્ત્તા કહે છે કે—" સ્ત્રીને દુહવવી નહિ. " એક કવીએ કહ્યું છે કે–' સ્ત્રી સમાન બીજી લક્ષ્મી નથી, કારણ કે સ્ત્રી ઉત્તમ રસોઈ કરીને જમાડે છે અને રત્ન જેવા પુત્રો આપે છે, અને વળી સાથે પણ આવે છે, એટલે પતિના મૃત્યુ પાછળ સતી થાય છે.' (સતી થવાનો રિવાજ પૂર્વે હતો). કહ્યું છે કે—

**પુણ્યે લાધે પદ્મિની, અને ગુણવંતી નાર;**
**શીળવતી ને સુંદરી, રમઝમ કરતી વાર.**

સ્ત્રીનું ઉચિત કેવી રીતે જાળવવું ? તે વિષે કહે છે કે–" રાત્રિ દિવસ તેની સાથે મધુર વચનથી વાતો કરવી. " મીઠાં વચન જેવું આ સંસારમાં બીજું કોઈ વશીકરણ નથી. કહ્યું છે કે—

**કણ ઉપર કોપણ ધન નહીં, જીવદયા સમ ધર્મ ન કહીં;**
**સંતોષ ઉપર સુખ કો નથી, મધુર વચનનો ગુણ તિમ અતિ.**

માટે વચનવડે સ્ત્રીને સંતોષવી, કુટુંબમાં તેને લક્ષ્મી સમાન બનાવવી, સારાં સારાં વસ્ત્રાલંકાર તેને પહેરાવવાં; કારણ કે સ્ત્રી શોભવાથીજ તેનો ભર્ત્તાર શોભે છે. રાત્રે તેને ફરવા ન દેવી, ખરાબ સ્ત્રીની સંગત કરવા ન દેવી, દિવસે પણ રાજમાર્ગમાં કે પારકે ઘરે બહુ ભમવા ન દેવી, કારણ કે તેથી તેનો વિનાશ થાય છે. દૂતિનું કામ કરનાર સ્ત્રીનો કે જાર પુરૂષનો સંગ કરવા ન દેવો, પિયર બહુ રહેવા ન દેવી, ધોબીને ત્યાં વારંવાર જવા ન દેવી, જાગરણમાં કે જાનમાં જવા ન દેવી. પોતાની સાથે જરૂર હોય તો લઈ જવી, એકલી જવા ન દેવી. ઉપાશ્રયે કે દેરાસરે પણ વડેરી સ્ત્રી–સાસુ વિગેરેની સાથે જાય એમ કરવું. ઘરનાં કામ બધાં તેને માથે નાખી દેવાં. ઘરના કામકાજમાં પ્રવીણ થાય તેમ કરવું. નવરી રહેવા ન દેવી, તેમજ બહુ હાસ્યવિનોદ કરવાની ટેવ પડવા ન દેવી.

માણસને નવરા રહેવાથી અનેક જાતની કુટેવો પડે છે અને હાનિ થાય છે. એક વાણીઓ એક ઝાડ તળે દરરોજ દિશાએ જતો હતો. તે ઝાડ ઉપર પિશાચ રહેતો હતો. તે દુર્ગંધથી બહુ દુહવાણો, તેથી તે વાણીઆને છળવાનું ધાર્યું, પણ છળી શકયો નહિ. એટલે એક દિવસ તેને કહે કે–"હું તારી ઉપર પ્રસન્ન થયો છું માટે માગ, તું જે કામ કહીશ તે હું કરી આપીશ, પણ જો કામ થઈ રહેશે ને નવરો પડીશ તો તને ખાઈ જઈશ. " વણિક કહે–' બહુ સારૂં.' એમ કહે છે કે–'વાણીઓ કોઈથી છેતરાતો નથી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેતો ડસે દેતો ડસે, ઉપર ચઢાવે પાઠ;
વળી વિષધરને સેવીએ, પણ નવિ સેવીએ કિરાડ[1]. ૧
આગે લુંટેરા છેતર્યા, ખુંદી હુંબડો હોય;
લેઇ હથિયાર તસ્કર હણ્યા, વણિક સમો નહિ કોય. ૨
વણિક ઘર તસ્કર ગયો, છાંટ્યો કોગળ તામ;
નાહક ધોયો બાપડો, લેઈ ન શકયો દામ. ૩
ભજજા[2] ભૂપ ભુઅંગમા[3], એ સુખ દોહિલા હુંત;
વૈરી વીંછી વાણીઓ, પુંઠે દાહ દિઅંત. ૪
આંગળ મૂકી માંગળ વાસે, માંગળ મૂકી મૂલ પ્રકાસે;
જો જાણે તો પાડે હાંસે, વણિક કળાથી દેવે નાસે. ૫

હવે પેલા વાણિકને અને દેવને શી રીતે સંબંધ ચાલ્યો તે આગળ કહેશું.

અપૂર્ણ.

# શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદો.

## પદ દશમું.

( રાગ—વેલાઉલ. )

મંદ વિષયશશિ દીપતો, રવીતેજ ઘનેરો;
આતમ સહજસ્વભાવથી, વિભાવ અંધેરો. મંદ૦ ૧.
જાગ જીયા અબ પરિહરો, ભવવાસ વસેરો;
ભવવાસી આશા ગ્રહી, ભયો જગતકો ચેરો. મંદ૦ ૨
આશ તજી નિરાશતા, પદ સાશતા હેરો;
ચિદાનંદ નિજરૂપકો, સુખ જાણ ભલેરો. મંદ૦ ૩

## પદ અગ્યારમું.

જોગ જુગતિ જાણ્યાવિના, કહા નામ ધરાવે;
રમાપતિ કહે રંકકું, ધન હાથ ન આવે. જોગ૦ ૧
ભેખ ધરી માયા કરી, જગકું ભરમાવે;
પુરણ પરમાનંદકી, સુધી રંચ ન પાવે. જોગ૦ ૨
મન મુંડ્યા વિના મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
જટાજુટ શિર ધારકે, કોઉ કાન ફરાવે. જોગ૦ ૩
ઉર્ધ્વબાહુ અધોમુખે, તન તાપ તપાવે;
ચિદાનંદ સમજ્યા વિના, ગિણતી નવિ આવે. જોગ૦ ૪

૧ વાણીઓ. ૨ ભાર્યા. ૩ સર્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પદ બારમું.

આજ સખી મેરે વાલમા, નિજ મંદિર આવે;
અતિ આનંદ હિયે ધરી, હસી કંઠ લગાવે. આજ૦ ૧
સહજ સ્વભાવજળે કરી, રૂચિવર નવરાયે;
થાળ ભરી ગુણસુખડી, નિજ હાથ જિમાયે. આજ૦ ૨
સુરભિ અનુભવ રસ ભરી, બીડાં ખવરાયે;
ચિદાનંદ મિલ દંપતી, મનોવંછિત પાયે. આજ૦ ૩

**પદ દશમું**–વ્યાખ્યા–આત્માનુભવ રૂપ સૂર્યનો પ્રકાશ થતાં વિષય કષાયાદિક પ્રમાદરૂપી ચંદ્ર ઝાંખો પડતો જાય છે. આત્માના સહજ સ્વાભાવિક પ્રકાશ પાસે વિભાવ–માયા–મમતાદિક અંધકારનું જોર ચાલી શકતું નથી. ૧.

અહો પ્રમાદી આત્મા ! ચાર ગતિરૂપ કારાગ્રહમાં વસવાનું હવે ઓછું થાય–બંધ થાય તેમ પ્રયત્ન કર. સંસારવાસમાં વસતો સતો પરઆશાના પાસમાં સપડાઇને તું સહુની તાબેદારી ઉઠાવે છે. ખરી સ્વતંત્રતા ખોઇને નકામી પારકી ગુલામી તારે કરવી પડે છે. ૨.

પર આશા–પરતંત્રતા–પરવશતા તજતાં પ્રથમ પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો પડે છે. પછી પરઆશાના પાસમાંથી છૂટાય છે. અને નિરાશી ભાવ અથવા નિઃસ્પૃહ દશા આવે છે. એજ તારૂં મૂળ શુદ્ધ-સાશ્વત સ્વરૂપ છે. મન અને ઇન્દ્રિયની પરવશતાથી એ તારા અસલ પદ–સ્થાનથી તું ચ્યુત–પતિત થયો છે તેને સંભાળ. અહો જ્ઞાન ચારિત્ર સ્વરૂપી આત્મા ! પોતાનું શુદ્ધ સ્વરૂપ પુરૂષાર્થ યોગે પ્રાપ્ત કરવામાંજ ખરૂં સુખ સમાયેલું છે એમ ખાત્રીથી માની લે. ૩.

**સાર બોધ**—આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન—દર્શન–ચારિત્રાદિક રૂપ છે, તે જ્યારે પૂર્ણ રૂપમાં પ્રકાશમાન થાય છે ત્યારે તેનો પ્રભાવ અનંત અપાર હોય છે. તે દર્શન જ્ઞાન ચારિત્રમાં જેમ જેમ પ્રેમ વધતો જાય છે તેમ તેમ માયા–મમતા ( વિષય–કષાયાદિ ) નું જોર ઘટતું જાય છે. સંપૂર્ણ સાવધાનતાથી સ્વભાવમાંજ રમણતા કરનાર મહાનુભાવી આત્મા જોતજોતામાં સકળ બંધનોને કાપી, પોતે સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વસુખમય અને અનંત શક્તિસંપન્ન બની શકે છે. અનેકવિધ પ્રમાદઆચરણવડેજ જીવની અધોગતિ થઇ છે ને થાય છે. તેમજ તેવાં પ્રમાદાચરણ કે સ્વચ્છંદતા તજી, સર્વજ્ઞ ને સર્વદર્શી મહાત્માઓએ બતાવેલ શુદ્ધ સનાતન માર્ગે સદ્ભાવથી ઉલ્લાસ પૂર્વક ચાલવાથીજ આત્માની હરેક રીતે ઉન્નતિ થઇ શકે છે. અક્ષય સુખરૂપ મોક્ષપ્રાપ્તિનો પણ એજ પવિત્ર માર્ગ સમજી આદરવાં યોગ્ય છે.

**પદ અગીયારમું**–વ્યાખ્યા——

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—યમનિયમાદિ અષ્ટાંગ યોગ અથવા જ્ઞાન દર્શન-ચારિત્ર યા સંયમ યોગ અથવા જે વડે સકળ દુઃખ-કલેશનો અંત આવે અને અક્ષય-અવિનાશી સુખનો ભેટો થવા પામે એવો તપયોગ કે વીર્ય (પુરૂષાર્થ) યોગ કોઈપણ કલ્યાણ અર્થી (આત્માર્થી) સજ્જનોએ આદરવા યોગ્ય છે. તેનું રહસ્ય સમજી, શુદ્ધ શ્રદ્ધા-આસ્થા સહિત તેનું પાલન કરતાં અવશ્ય કલ્યાણ થવા પામે છે; પરંતુ તેમાંનું કશું રહસ્ય જાણ્યા વગર કેવળ જોગી જતિ સંન્યાસી કે ફકીર નામમાત્ર કહેવડાવવાથી શું વળે ? તથાપ્રકારનાં ગુણ ને આચરણ વગર જોગી જતિનો વેષ ધારી ફરવાથી તો સ્વપરને ધોળે દહાડે ઠગવા-લૂંટવા જેવુંજ તે લેખાય. કોઇ એક રંક-નિર્ધનને લક્ષ્મીપતિ કહેવા માત્રથી કંઈ લક્ષ્મી મળી ન શકે. ૧.

જોગી જતિ સંન્યાસી વિગેરેનો વેષ ધારીને જો માયાકપટ કેળવી, લોકને ખોટા ભ્રમમાં નાખવા માટેજ તે વેષનો ઉપયોગ કરતાં રહેવાય તો જે સાચા-સદ્ગુણી જોગી જતિ કે સંન્યાસી અખંડ પરમાનંદ મેળવવા ભાગ્યશાળી નીવડે છે તેવો લેશ માત્ર લાભ મળી નથી શકતો, એટલુંજ નહીં પણ દાંભિક વૃત્તિથી પરિણામે દુઃખમાં વધારો કરી અનેક અંધ શ્રદ્ધાળુઓને અવનતિના ખાડામાં નાંખે છે. ૨.

મન અને ઇન્દ્રિયોને દમ્યા વગર-કાબુમાં રાખ્યા વગર કેવળ કેશલોચ કરવાથી વિશેષ લાભ નથી. એમ તો ઘેટા વિગેરે પણ મુંડાવે છે-કષ્ટ સહન કરતા રહે છે. કોઈ વડની વડવાઈની જેમ માથા ઉપર જટાજૂટને ધારણ કરે છે, કોઈ કાન ફડાવીને કાનફટા બને છે, કોઇ ઉંચા હાથ રાખીને અને ઉંધે મસ્તકે લટકતા રહીને શરીરને કષ્ટ ઉપજાવે છે, કોઈ સૂર્ય કે અગ્નિનો તાપ સહે છે, પરંતુ **ચિદાનંદજી** જેવા જ્ઞાની મહાત્માઓ કહેછે કે--અલખ આત્માને ઓળખ્યા-પિછાન્યા વગર એ બધું લેખે આવતું નથી-ફોગટ જાય છે. ૩-૪.

**સાર બોધ**—એક અંતરજામી આત્માને ઓળખી તેમાં ખરી શ્રદ્ધા-આસ્થા ચોંટાડવાથી યથાશક્તિ કરાતી સઘળી ધર્મકરણી લેખે થાય છે. તેને યથાર્થ ઓળખવા એવા જ્ઞાની ગુરૂને શરણે જઈ અતિ નમ્રભાવે તેમની ઉપાસના કરવી ઘટે છે.

**પદ બારમું**—વ્યાખ્યા-સોહાગણ (પણ ઘણા કાળથી પતિના વિરહથી પીડાતી) સમતા પોતાની વહાલી સખી સુમતિને હર્ષદાયક સમાચાર સંભળાવતી કહે છે કે-હે સખિ ! આજે મારા પ્રીતમ-ચેતનરાય મારા (સમતાના) મહેલમાં આવ્યા-સમતાના ઘરમાં પેઠા. તેથી અંતરમાં અતિ આનંદ ઉભરાયો અને પ્રસન્ન મુદ્રાથી મેં પ્રીતમને ગાઢ આલિંગન આપ્યું. ૧. પછી સહજ-સ્વાભાવિક સ્વભાવ ( સમતા ) જળવડે પ્રેમ સહિત નવરાવ્યા અને અપાર ગુણરૂપી સુખડી થાળ ભરી પીરસીને મેં મ્હારા સ્વામીનાથને મારે હાથે જમાડ્યા. ત્યારબાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવાસિત અનુભવ રસભર્યાં પાન–બીડાં સ્વામીજીને ખવરાવ્યાં. એમ સમ્યગ્ બોધ અને આચરણારૂપી દંપતિ (પતિ–પત્ની) ભેગા મળી (સુયોગ પામી) યથેચ્છ સુખ શાન્તિને પામ્યાં. ૨–૩.

**સાર બોધ**—ચેતનરાયને ધર્મરાજાની વ્હાલી પુત્રી સમતા સાથે અનાદિસિદ્ધ સંબંધ છે, એટલે સમતા એજ ચેતનની ખરી પતિવ્રતા હિતસ્વિની અસલ સ્ત્રી છે. છતાં ધર્મના વિરોધી અને બહુરૂપી મોહની અંગના (પુત્રી) કુમતા સાથે પણ ચેતનની મુગ્ધતાનો લાભ લઇ સંબંધ જોડાણો છે. વેશ્યાની જેવા વિવિધ રંગ–રાગને કરનારી ને વધારનારી કુમતાના ફંદમાં તે એવો તો ફસી ગયો છે કે એક પળ માત્ર પણ તેમાંથી છુટી સમતાની સામું પણ જોઈ શકતો નથી, તો પછી તે પરમ પવિત્ર દેવીનો ઉચિત સત્કાર તો કરેજ ક્યાંથી? કુમતાના કુસંગથી તેને અનેક વિપદા વેઠવી પડે છે અને તે બંધનથી અનેક પ્રકારના કડવા અનુભવો મળે છે. છેવટે ચેતનરાયની આંખ ઉઘડે છે; એટલે પરમ પવિત્ર પતિવ્રતા સમતા સ્ત્રીનો આજ સુધી નિર્લજ્જ બની અનાદર કરવા બદલ તેને ભારે પસ્તાવો થાય છે; અને હવે પછી આખી જીંદગી પર્યંત કુમતાનો સંગ નહિ કરવા અને સમતાનો સંગ નહીં છંડવા દ્રઢ નિશ્ચય કરી, દિનરાત પતિનું હિત ઇચ્છતી અને તેને મળવાની રાહ જોઈ રહેતી સમતાના ઘરમાં પોતે પ્રવેશ કરી સમતા સાથે મળી જઇ બહુ સુખી થાય છે. એ પ્રમાણે હરકોઈ ભવ્યાત્મા સુખી થઈ શકે છે. ઇતિશમ્

(સ. ક. વિ.)

## પાલણપુરમાં જ્ઞાનોત્સવ.

તા. ૨૯–૭–૨૨ થી તા. ૪–૮–૨૨ સુધી શ્રી પાલણપુરના **ઝવેરી સુરજમલ લલ્લુભાઇએ** ત્યાં ખાતે વિદ્વાનોનો મેળાવડો કર્યો હતો. જેની અંદર ઘણા સારા સારા વિદ્વાનો મળેલા હતા. તેઓએ ભાષણો પણ બહુ ઉપયોગી જુદા જુદા વિષયો ઉપર આપેલા હતા. તે બધા ભાષણોનો સંગ્રહ **ડાહ્યાભાઇ રામચંદ્ર** સહેલાએ છપાવેલો છે તે ખાસ વાંચવા લાયક છે. સદરહુ ઝવેરી ખરેખરા વિદ્યાવિલાસી છે. આ શુભ પ્રસંગમાં તેઓએ ખર્ચ પણ સારો કર્યો છે. આ એક પ્રકારનું જ્ઞાન–દાન છે. જ્ઞાનને ઉત્તેજન છે. ભાષણો બધા એક બીજાથી સરસ છે. તેની નકલ **અમદાવાદ–ભારતજીવન પ્રેસમાં** પ્રકાશકપર પત્ર લખવાથી આવી શકશે. અમે એ ગૃહસ્થના આવા શુભ પ્રયાસની ફત્તેહ ઇચ્છીએ છીએ. આ કાર્ય અનુકરણ કરવા લાયક છે. સુજ્ઞોનું મંડળ મળે છે ત્યારે તેની ખુબી જુદાજ પ્રકારની થાય છે. તેનો જેને અનુભવ હોય તેજ જાણે છે અને તેના રસિયા હોય છે તેજ તેના રસનો સ્વાદ લઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रश्नोत्तर.

( સંગ્રાહક-રાજપાળ મગનલાલ વહોરા. ખાખરેચી ).

૧ સંત કોણ ?–ઇશ્વરમાં નિષ્ઠાવાળો હોય તે.
૨ મનુષ્યે શું કરવું ?–પરમેશ્વરની ભક્તિ.
૩ કરવા યોગ્ય શું ?–સત્પુરૂષોની સંગતિ.
૪ સર્વને પૂજ્ય કોણ ?–ગુરૂના ગુણવાળા સદ્‌ગુરૂ.
૫ સાધુપુરૂષ કોણ ?–પ્રાણી માત્રનું હિત કરે તે.
૬ મુક્ત કોણ ?–ઇંદ્રિયોના વિષયોના ત્યાગી હોય તે.
૭ ઘોર નરક કયું ?–અશુચિ પૂર્ણ પોતાનો દેહ.
૮ સર્વ સુખમાં પરમ સુખ શું ?–સંતોષ.
૯ મળવી દુર્લભ વસ્તુ કઈ ?–સત્સંગતિ.
૧૦ તાત્કાળિક શું કરવું ?–શુભ કાર્ય.
૧૧ સંસારમાં સ્વર્ગ શું ?–તૃષ્ણાનો ત્યાગ.
૧૨ નરકનું દ્વાર કયું ?–નારી કામણગારી, દુર્ગતિની બારી.
૧૩ સુખે સુતેલા કોણ ?–સમાધિમાં વર્તતા હોય તે.
૧૪ ખરા શત્રુઓ કોણ ?–પોતાની ઇંદ્રિયો.
૧૫ મૂર્ખ કોણ ?–અવિવેકી ન હોય તે.
૧૬ ખરો જ્વર શું ?–ચિંતા. (એ જ્વર ચિતા સમાન છે.)
૧૭ શિષ્ય કોણ ?–ગુરૂના ભક્ત હોય તે.
૧૮ જગત કોણે જીત્યું ?–જેણે મન જીત્યું હોય તેણે.
૨૦ લક્ષ્મીવાન્ કોણ ?–સંતોષી હોય તે.
૨૧ સન્મિત્ર કોણ ?–જીતાયેલી ઇંદ્રિયો.
૨૨ દરિદ્રી કોણ ?–ઘણી તૃષ્ણાવાળો.
૨૩ ગુરૂ કોણ ?–હિતનો ઉપદેશ આપે તે.
૨૪ મનુષ્યને કાયમની બેડી કઇ ?–સ્ત્રી.
૨૫ જીવતા છતાં મુવો કોણ ?–દરિદ્રી.
૨૬ જીતવા કોને ?–ક્રોધાદિ કષાયને.
૨૭ સંસારમાં જીતે કોણ ?–આત્મિક બોધવાળો હોય તે.
૨૮ સંસારમાં દુખી કોણ ?–તેમાં આસક્ત થઈ જાય તે.
૨૯ સંસારમાં ખરૂં આલંબન શું ?–સન્મિત્ર ને સદ્‌ગુરૂ.
૩૦ સંસારને તરવાનું પ્રબળ સાધન શું ?–સત્‌જ્ઞાન ને સત્‌ક્રિયા.

કટાક્ષમાં કલ્યાણ નથી, ક્રોધમાં બોધ નથી, માનમાં જ્ઞાન નથી, શંકામાં સમકિત નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુસ્તકો અને તેના વાંચનની જરૂરિયાત.

( સંગ્રાહક-ચંપકલાલ જમનાદાસ મસાલીઆ. )

દરેક મનુષ્યના માનસિક અને નૈતિક સદ્દગુણોનો સમુદાય તેને અન્ય મનુષ્યથી જુદો પાડે છે. એ ગુણોના સમુદાયથી તેનું વ્યક્તિત્વ બનેલું હોય છે. એ ગુણોમાં જે અગત્યના છે તે નૈતિક ગુણો છે. દરેક માણસની નીતિ તેના પોતાનાજ હાથમાં છે. નીતિમાન થવા સારૂ અક્કલ કે કુદરતી શક્તિઓની જરૂર નથી, માત્ર શુદ્ધ હૃદયનીજ આવશ્યકતા છે.

આપણે નીતિરૂપ ગુણો મેળવવાનાં મૂળ કારણો જોઇશું તો તેના પાયા તરીકે આપણને મુખ્યત્વે કરીને ઉત્તમ પુસ્તકો, સંસ્થાઓ અને સમાજ દેખાશે. આપણે અત્યારે પુસ્તકો વિષેજ વિચારવાનું હોવાથી બીજી બાબતોને ભવિષ્ય માટે રાખશું.

'ઇરેસ્મસ' પુસ્તકોને જીવનની જરૂરની વસ્તુઓ કહેતો અને કપડાંઓને શોખની વસ્તુઓ કહેતો પશ્ચિમની જડવાદની પ્રબળ અસરને લઇને આજ કાલ શું જોવામાં આવે છે ? " વેપાર રોજગાર કરવો, પહેરવું ઓઢવું અને હરવું ફરવું તેમાંજ મજા મનાય છે અને પુસ્તક વાંચન તો માણસને વેદપાઠી અવ્યવહારિક માણસ જેવો બનાવે એમ કહેવાય છે. " આ પ્રકારના શબ્દો સર્વસામાન્ય થઇ પડ્યા છે. ઘણા શિષ્ટ માણસો સારાં સારાં પુસ્તકો તરફ બેદરકાર રહે છે, આ શોચનીય છે. જે માણસ જીંદગીની તકો અમૂલ્ય ગણે છે, ને જેને મન જીંદગી સારાં કૃત્યો કરવાને અને સારા વિચારો અનુભવવાને એક થાપણરૂપ છે તે તો જુદીજ રીતે વર્તશે. મૃત્યુથી તે શી શી વસ્તુઓ ખોશે તેના જવાબમાં 'બેક્સ્ટર' પુસ્તકોને પણ ગણાવે છે. ઘણી વસ્તુઓ મૃત્યુ આવે તજવી પડશે અને સાથે પુસ્તકો પણ તજવાં પડશે, એ વાત તેના શોકનું કારણ હતી. પુસ્તકો સન્મિત્રોની ગરજ સારે છે. પુસ્તકોની જેને મૈત્રી હોય છે તેને જંગલમાં પણ મંગળ થાય છે. પુસ્તકો સાચા મિત્રો છે. આપણા મિત્રો આપણને ખુશ કરવા તરફ વૃત્તિ વિશેષ રાખે છે; કડવું મનવનારા અને ખરૂં કહેનારા મિત્રો જવલ્લેજ મળે છે. જે કાર્ય પોતાના મિત્રોથી ન થઇ શકે તે કાર્ય પુસ્તકો કરે છે. પુસ્તક વાચકને જે કંઇ કહે છે તે નિડરપણે કહે છે. વાચક રાય હો વા રંક હો, મિત્ર હો વા દુશ્મન હો, સ્ત્રી હો વા પુરૂષ હો, ગમે તે હો તેની દરકાર વિના હમેશાં પોતાને જે કંઇ કહેવું હોય તે નિડરપણે કહેનારા મિત્રો તો ફક્ત પુસ્તકોજ છે. પુસ્તકોમાં તો હમેશાં લખાણું હોય તેજ વંચાય છે. આપણે ખુશ થઇશું કે દીલગીર, આપણે ધનાઢ્ય છીએ કે ધનહિન, આપણે સત્તાધીશ છીએ કે સત્તાવિહીન, આપણે મોટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...ીએ કે નાના, તેની લેશમાત્ર પરવા વિના આ પુસ્તકરૂપ મિત્રો હમેશાં એ-...કસરખીજ વાત કહી શકે છે. આંગ્લદેશનો સુવિખ્યાત 'રોબર્ટ સાઉધી' પુ-...સ્તકો સંબંધી જણાવે છે કે,

My never failing friends are they, with them I converse day by day. અર્થાત્ તેઓ મારા એવા મિત્રો છે કે જે મને મારી ઇચ્છા સિવાય કદિપણ છોડી જાય તેમ નથી, અને તેમની સાથેજ હું હમેશાં મારો વાર્તાલાપ ચલાવું છું. જીવનને ઉત્તમ બનાવવાને માટે આપણે જાણીએ છીએ કે સજ્જનસંગતિ એ એક ઉત્તમ સાધન છે, પરંતુ જમાનો જોતાં સજ્જનોની સંખ્યા બહુજ થોડી જણાય છે, માટે આ યુગમાં પુસ્તકો જેવા આપણા હિતેચ્છુઓ મળવા મુશ્કેલ છે. ઉત્તમ પુસ્તકો ચારિત્રના બંધારણમાં પણ ઘણોજ અગત્યનો ભાગ લે છે. જેમ જેમ કેળવણી વધતી જાય છે તેમ તેમ તેનું બળ વધતું જાય છે. સારાં પુસ્તકો સારી છાપ પાડે છે અને નઠારાં પુસ્તકો નઠારી છાપ પાડે છે.

મુદ્રણ કળાને બળે પુસ્તકોની સંખ્યા આકાશના તારાઓની જેમ અગણિત થયેલી હોવાથી પુસ્તકોની પસંદગી કરવી એ જરૂરી હકીકત છે. પસંદગી સિવાયનું વાંચન સારી વર્તણુક કેળવે એ ધારવું વ્યર્થ છે. સીધી કે આડકતરી રીતે નીતિનો બોધ આપનારાં પુસ્તકો હમેશાં લાભ કરે છે. દરેક દેશના સાહિત્યમાં ફિલોસોફીનાં, કાવ્યનાં અને ઇતિહાસનાં પુસ્તકો ઉત્તમોત્તમ ગણી શકાય, પણ સાધારણ રીતે અને ખાસ કરીને યુવાનો તેનો લાભ લઇ શકતા નથી, તેમને વાર્તા અને કલ્પિત નોવેલોમાં રસ પડે છે. આ નવલકથાઓ અનેક રીતે હાનિકર થાય છે. બહુજ થોડી નવલકથાઓ ઉચ્ચ નીતિની સ્થાપક અને પોષક હોય છે. વાચકને રસ પાડવો અને કાંઇક અંશે સમાજનું ચિત્ર આપવું એ નવલકથાકારનું ધ્યેય હોય છે. આથી નવલકથાઓ આકર્ષક રંગોમાં ચીતરાયેલી હોય છે. નવલકથાઓનો વિષય અત્યારે તો જાણે એકજ હોય તેમ યુવક યુવતિનો પ્રેમ તેમાં લેવામાં આવે છે. 'ઇમર્સન' કહે છે તે પ્રમાણે નવલકથારૂપી વાજાંમાં 'તે ...ી સુંદર હતી અને એ પુરૂષ તેની સાથે પ્રેમમાં પડ્યો' એવા સુર ઉપરજ ગાયન ગવાયાં કરે છે. વાચકને જે થાળી પીરસવામાં આવે છે તે જરૂરી અને પોષક ...ની નથી હોતી, પણ બધીજ ગોવિંદજી વસનજીની મીઠાઇઓની હોય છે. વાચ...ની અધોગતિ કરાવનારા પુસ્તકો તો હમેશાં વર્જ્યજ છે, તે ગમે તેટલા રસિક ...ય તો પણ ત્યાજ્ય છે. આપણે કેટલીક વખત માની લઇએ છીએ કે તે...નો જરૂરી રસ આપણે ઝીલી બીજાનો બહિષ્કાર કરશું પણ આ માન્યતા માન્યતાસાંજ રહે છે. સંગતિ દોષ લાંબે વખતે પણ લાગે છે. સ્પેન દેશની એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવત છે કે 'વરૂઓમાં રહો એટલે ઘુરકતાં શીખશો.' માટે જો અયોગ્ય પુસ્તકોને સેવશો તો તેવાજ થશો. આંગ્લ લેખક રસ્કિનના મત મુજબ સારાં પુસ્તકો પણ બે ભાગમાં વહેંચી શકાય છે. ઉપયોગી પુસ્તકો અને આદર્શપૂર્ણ પુસ્તકો. ઉપયોગી પુસ્તકોનું વાંચન ઇષ્ટ છે, પરંતુ તે તો જરૂર પૂરતુંજ. જેટલી જરૂર તેટલું વાંચન. આદર્શપૂર્ણ પુસ્તકોનું વાંચન મનન અને નિદિધ્યાસન એ મનુષ્યને પોતાની સંસ્કૃતિ માટે ઘણું આવશ્યક છે. આપણે આગળ કહી ગયા કે સારાં પુસ્તકોનું સતત્ પરિશીલન કરનાર માણસ નીતિમાન બને છે. પરિશીલન કરનાર એટલે ઉપરચોટીઆ વાંચનાર નહિ, પણ નિર્મળ મન રાખી વાંચેલાનું મનન અને નિદિધ્યાસન કરનાર. સ્વચ્છ સરોવરોમાં જેમ સ્વચ્છ પ્રતિબિંબ પડે છે તેમ સ્વચ્છ નિષ્કપટી મનમાં સદાચારની છાપ પડે છે. એ છાપ એવી હોય છે કે તેનાથી વિચાર સાથે આચાર પણ સુધરી જાય છે. આમાં આશ્ચર્યજનક કશુંજ નથી; કારણકે વિચાર તો આચારની શરૂઆત છે. આ પ્રકારનું વાંચન, મનન અને નિદિધ્યાસન સતત્ થવું જોઇએ. અમૃત ગમે તેટલું લેવામાં આવે તોયે તેથી સંતોષ નથી થતો અને જેમ જેમ વધુ લેવામાં આવે છે તેમ તેમ વધુ લાભ મળે છે, તેવીજ રીતે આદર્શપૂર્ણ પુસ્તકોના અહર્નિશ સેવન વિષે પણ છે. કહેવામાં આવે છે કે 'સંતોષમાં પરમ સુખ છે.' પણ એક વસ્તુમાં મનુષ્યે કદાપિ સંતુષ્ટ ન બનવું જોઇએ. એક અસંતોષ હમેશાં ઇષ્ટ છે. એ અસંતોષ જ્ઞાનનો–પુસ્તક પરિશીલનનો–ઉત્તમ લેખકો પ્રત્યે આપણી ભક્તિનો છે. એ અસંતોષ સદા વધારવા લાયક છે. એવા અસંતોષનું સેવન કરવાથી સંતોષ પ્રાપ્ત થાય છે. એવો અસંતોષ ચાલુ રાખવાને માટે જે ભાગ્યશાળી પુરૂષે પોતાને યોગ્ય પુસ્તકો શોધી રાખ્યાં છે તેણે હમેશાં પોતના સુખની સામગ્રી તૈયાર રાખી છે, તે માણસ આનંદી રહે છે, દીલગીરી તેનાથી ડરે છે, તે માણસ પોતાને તવંગર માને છે, નિર્ધનતા તેને દબાવી–રીબાવી શકતી નથી, સદ્વિચારો રૂપી ધન તેની પાસે મોકળું થાય છે, તેને બળે તે પોતાનું માન, પોતાની સ્વતંત્રતા, પોતાનું પોતાપણું સાચવી શકે છે. તેમ કરવું ધનિકોને માટે પણ કઠણ છે. માટે દરેકે પોતાને માટે યોગ્ય પુસ્તકોની પસંદગી કરવી અને તેના વાંચન મનન ઉપર પૂરતું ધ્યાન આપવું.

ઉપરોક્ત ભાષણ શ્રી જૈન બાળ મિત્ર મંડળની તા ૧૮–૨–૧૯૨૩ રવિવારે રા. રા. માણેકજી દામજી શાહના પ્રમુખપણા નીચે મુંબઇમાં ભરાયેલી સભામાં મી. ચંપકલાલ જમનાદાસ મસાલીઆએ આપ્યું હતું.

For Private And Personal Use Only

## જીવન-ચક્ર.

( નવજીવન-આંક ૨૬ મો. )

તપ, ભોગ અને યજ્ઞ*—આ એક મહાન જીવનચક્ર છે. માણસ કામનાથી પ્રેરિત થઈ સંકલ્પ કરે છે. એ સંકલ્પ પાર પાડવા જે જે પ્રવૃત્તિ માણસ આદરે છે તે બધું તપને નામે ઓળખાય છે. આ પ્રવૃત્તિ પોતાની મેળે અથવા સ્વતઃ પ્રિય હોય છે એમ નથી, પણ સંકલ્પસિદ્ધિની આશાને લીધેજ માણસ તેટલી પ્રવૃત્તિ ખુશીથી અથવા ઉત્સાહથી ઉપાડી લે છે. આ તપને અન્તે ફળપ્રાપ્તિ થાય છે. ફળપ્રાપ્તિ પછીની ક્રિયા તેજ ભોગ. ફળભોગ એ આપણે ધારીએ છીએ તેના કરતાં ગૂઢ વસ્તુ છે. ફલોપભોગમાં એકલી તૃપ્તિજ હોત તો તેમાંજ માણસને આત્મ-સાક્ષાત્કાર થઈ જાત, પણ ફલોપભોગના આનંદમાંજ વિષણ્ણતા રહેલી છે. દરેક આનંદમાં આપણે અજાણતાં આત્માને મેળવવા ચાહીએ છીએ. કામનાતૃપ્તિથી મળેલા આનંદ પછી એક ક્ષણને માટે મોહજન્ય સંતોષ મેળવીને પછી અંતર કહે છે કે—" મારે જોઈતું હતું તે આ નથી. " આટલાથી ચેતીને જો માણસ કામનાવિમુખ થાય તો તેને આત્મપ્રાપ્તિનો રસ્તો જડે, પણ સત્યનું મુખ સોનાના ઢાંકણથી ઢાંકેલું હોય છે. એક સંકલ્પ પૂરો થયો હોતો નથી ત્યાં તેમાંથીજ બીજો સંકલ્પ ઉદ્ભવે છે, અને આ રીતે ફરી નવી નવી પ્રવૃત્તિમાં, નવા તપમાં અને નવા ભોગમાં માણસ તણાય છે.

આમાં યજ્ઞને સ્થાન ક્યાં છે ? દરેક ભોગ, કામનાથી કરેલું દરેક તપ એ કુદરત પાસેથી લીધેલું ઋણ છે. તે અદા કરીનેજ માણસ ઋણમુક્ત થાય છે. મારે અન્ન ખાવું છે તેટલા માટે હું જમીન ખેડું છું, તેમાં બીજ વાવું છું, લણણી સુધી ખેતરમાં મહેનત કરૂં છું, અને આ રીતે જમીનનો કસ કાઢી તેનો ભોગ કરૂં છું. જમીનનો જેટલો કસ મેં લીધો તેટલો જમીનને પાછો આપવો, જમીનને એની મૂળની સ્થિતિ પાછી આપવી એ યજ્ઞકર્મ છે.

મુસાફરીમાં હું કોઈને ત્યાં રાતવાસો રહું ત્યાં મારે રાંધવું હોય તો ઘરવાળા પાસેથી હું વાસણો માગી લઉં છું. વાસણોમાં હું રાંધી લઉં એ મારૂં તપ છે, જમી લઉં એ ભોગ છે, આટલું કર્યા પછી ઘરવાળાનાં વાસણો ઉટકીને જેવાં હતાં તેવાં ને તેવાં કરી પાછાં આપવાં એ મારૂં યજ્ઞકર્મ છે.

મારે તળાવમાં કે કુવા પર ન્હાવું છે. હું પાણી ખેંચી કાઢું એ મારૂં તપ

૧ * આ યજ્ઞ શબ્દ શું અર્થમાં વાપરેલ છે તે જેમ જેમ આ લેખ આગળ વંચાશે તેમ તેમ ધ્યાનમાં આવશે. લેખનું રહસ્ય બહુ ઉંડું અને સમજવા યોગ્ય જણાવાથી અત્રે દાખલ કરેલ છે. તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ન્હાઇ લઉં એ મારો ભોગ છે, ત્યાર પછીનો યજ્ઞ કર્યો ? ઘણા લોકો–હજામત બાબત–વિચાર સરખો કરતા નથી કે આમાં કાંઇ કરવાપણું રહ્યું હોય. શાસ્ત્રોમાં લખ્યું છે કે " તળાવમાં જો તમે ન્હાઓ તો તમારાથી બનતો કાદવ તળાવમાંથી કાઢી બહાર ફેંકી દો. " આ આપણું યજ્ઞકર્મ કુવાપર ન્હાતા હોઇએ તો કુવાની આસપાસની ગંદકી દૂર કરવી એ જરૂરનું યજ્ઞકર્મ છે.

ગીતા કહે છે. " આવું યજ્ઞકર્મ જે ન કરે તે ચોર છે. તે શરીરને તકલીફ આપવા માગતો નથી. ( अघायुरिन्द्रियारामः ) સમાજની સેવા તે લે છે, પણ ઉછીનું પાછું વાળતો નથી. જે માણસ ભોગ કરે છે પણ યજ્ઞ કરતો નથી તેનો આ ભવ બગડે છે; પરલોક તો તેને માટે ક્યાંથીજ હોય ? "

હિન્દુસ્તાનમાં આવા યજ્ઞકર્મનો લોપ થયો છે તેથીજ હિન્દુસ્તાન કંગાલ અને પામર બન્યું છે. આપણે સ્ત્રીઓની સેવા લઇએ છીએ, પણ તેનું વળતર તેમને પાછું આપતા નથી. ખેડુતોની મહેનતનો ભોગ કરીએ છીએ, પણ જેથી ખેડુતનું કલ્યાણ થાય એવું યજ્ઞકર્મ કરતા નથી. આપણે અંત્યજોને સમાજ–સેવાનો પાઠ ભણાવીએ છીએ, જબરદસ્તીથી પણ તેમની સેવા લઇએ છીએ, પણ તેમના ઉદ્ધારરૂપી યજ્ઞકર્મ ન કરવા જેટલા હાડકાંના હરામ બન્યા છીએ. આપણે સાર્વજનિક લાભ મેળવવા હંમેશ દોડીએ છીએ, પણ સાર્વજનિક ફરજો ભાગ્યેજ અદા કરીએ છીએ; તેથી આખો સમાજ ઋણી રહ્યો છે.

મોક્ષશાસ્ત્ર[૧] કહે છે કે " ન્યાયને ખાતર પણ તમારે યજ્ઞ કરવો જોઇએ. ભોગને માટે કરેલું તપ એ અર્ધું કર્મ થયું, યજ્ઞકર્મ એ તેની પૂર્તિ છે. તપ કરો છો અને યજ્ઞ કરતા નથી તેથીજ તમારી વાસનાઓ અમર્યાદ વહે છે. યજ્ઞ કરો તો ભોગની ઇચ્છા મર્યાદામાં રહેશેજ; તમારૂં જીવન નિષ્પાપ થશે. "

દરેક બાળક પાછળ બાળઉછેરનાં સાત વરસ બ્રહ્મચર્યમાં ગાળવાનો નિશ્ચય સ્ત્રીપુરૂષ કરે તો દીન બની સમાજની દયાપર આધાર રાખવાનો પ્રસંગ તેમનાપર ન આવે.

યજ્ઞ કર્યા પછી–ઋણ ફેડ્યા પછી માણસ જે તપ કરે, જે ભોગ ભોગવે, તે તેના હકનું છે, તેનાથી તેને કિલ્બિષ પ્રાપ્ત થતું નથી. તેની પ્રવૃત્તિ નિષ્પાપ અને ઉન્નતિકર હોય છે, પણ જો મોક્ષ મેળવવો હોય તો પ્રવૃત્તિ છોડી દેવી જોઇએ. એટલે કે કામના, તેને માટેનું તપ અને એ તપદ્વારા ઉપજતા ફળનો ઉપભોગ–એ ત્રણેનો ત્યાગ કરવો જોઇએ; પણ યજ્ઞ તો છોડાયજ નહિ. નિષ્કામ યજ્ઞ–જ્ઞાનપૂર્વક યજ્ઞ કાર્યમેવ–કરવોજ જોઇએ. તેમાં જૂનું ઋણ ફીટી

૧ મોક્ષનું વ્યવહારિક સ્વરૂપ સમજાવનાર શાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે, આપણા સંબંધીઓનું ઋણ ટળી જાય છે, સમાજનો સર્વ સામાન્ય બોજો ઓછો થાય છે, પૃથ્વીનો ભાર હલકો થાય છે, પ્રભુ સંતુષ્ટ થાય છે અને માણસ મુકત થઇ જાય છે.

આપણે જીવીએ છીએ એમાંજ અસંખ્ય વ્યકિતઓનું ઋણ લઇએ છીએ. કુદરતી શકિતઓનું ઋણ તો છેજ, સમાજનું ઋણ છેજ, જન્મદાતા માતાપિતાનું ઋણ છેજ, સમાજને દરેક રીતે સંસ્કારી બનાવનાર પૂર્વ પુરૂષોનું ઋણ છેજ અને કુલપરંપરાનો વારસો આપનાર માબાપોનું પણ ઋણ છેજ, આ બધું ઋણ પંચમહાયજ્ઞ[1] દ્વારા ફેડ્યા પછીજ માણસ ભક્તિનો કે મુક્તિનો વિચાર કરી શકે.

આ યજ્ઞકર્મમાં પર્યાય નથી ચાલતો. જે જાતનું ઋણ તે જાતનોજ યજ્ઞ થવો જોઇએ. વિદ્યા ભણીને ગુરૂનું લીધેલું ઋણ ગુરૂને દક્ષિણા આપવાથી અદા થતું નથી, પણ ગુરૂએ આપેલું જ્ઞાન સાચવી વધારીને ઉછરતી પેઢીને આપી દેવું એજ સાચું યજ્ઞકર્મ છે. સૃષ્ટિમાં નવું કશું આવતું નથી; છે એટલામાંજ નભાવવું જોઇએ. તેથી આપણી પ્રવૃત્તિથી જેટલી સામ્યાવસ્થા આપણે બગાડીએ છીએ તેટલી પાછી સમી કરી આપવી એ આવશ્યક યજ્ઞકર્મ છે. આકાશ જેટલી વરાળ લે છે તેટલુંજ પાણી પાછું આપે છે, સમુદ્ર જેટલું પાણી લે છે તેટલીજ વરાળ પાછી આપે છે; તેથીજ સૃષ્ટિનું મહાન ચક્ર અબાધિત ચાલે છે. યજ્ઞચક્ર બરાબર ચલાવવું એ શુદ્ધ પ્રવૃત્તિ છે. નિષ્કામ થઇ ત્યાગબુદ્ધિથી આપણા પૂરતો આ ચક્રનો વેગ ઓછો કરવો એ નિવૃત્તિધર્મ છે. કશું કામ ન કરવું એ નિવૃત્તિ નથી.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

-:===:-

# પોપટીયું જ્ઞાન.

(લેખક-મેતા ભાઇલાલ સુંદરજી. ઝીંઝુવાડા)

આપણી અમૂલ્ય જીંદગીનો આધાર તટસ્થ રીતિએ જોતાં કેવળ શુદ્ધ જ્ઞાન ઉપરજ છે. એ હેતુ આધુનિક જમાનામાં દરેક વ્યકિતની જાણમાં હોવા છતાં તેવું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવા દરેકે દરેક વ્યક્તિ પશ્ચાત જણાય છે, તેનું યથાર્થ કારણ શું હશે ? તે કાંઇ સમજાતું નથી.

---

૧ આ પાંચ મહાયજ્ઞ પણ સમજવા જેવા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં અભ્યાસકો આપણી દ્રષ્ટિ તળે ઘણાં તરી આવે છે, પણ ઉપર જણાવેલ શુદ્ધ જ્ઞાનના અર્થી તો બહુ થોડા નજરે પડે છે. અભ્યાસ અગર જ્ઞાન એવા પ્રકારનું હોવું જોઈએ કે જે પોતાના આત્મા સાથે ઐક્યતા ધરાવતું હોય; નહિ કે ફક્ત પરીક્ષામાં પાસ થવા અગર સભાઓમાં લેકચર આપી માન મેળવવા ખાતર કરેલ હોય. પરીક્ષામાં પાસ થવા અગર સભાઓમાં માન મેળવવા ખાતર કરેલ વિદ્યાભ્યાસ તે પોપટીઆ જ્ઞાનની તુલના કરે છે. જેમ પોપટ ગમે તેવી કેળવણી પામ્યો હોય છતાં તે તેનું અંતરનું રહસ્ય સ્પષ્ટ રીતિએ જાણી શકતો નથી. તેને જેમ મનુષ્યો બોલાવે છે તે પ્રમાણે તે બોલે છે. દાખલા તરીકે તેને આપણે રામ કહેવાનું કહીએ તો તે રામ, રામ, બોલશે પણ રામ કોણ છે? રામનું નામ લેવાથી શું થાય ? વિગેરે કાંઇ પણ ભેદ સમજી શકતો નથી; તેથી વખતે રામની મૂર્ત્તિ અગર છબી ઉપર અનેક પ્રકારની આશાતના પણ નીડરપણે તે કરશે. આનું કારણ ફક્ત તેની અજ્ઞાનતાજ છે. જેમ પોપટ પઢેલ હોવા છતાં તેની અજ્ઞાનતા પ્રસંગે જાહેર થાય છે તેવીજ રીતે મનુષ્યો ગમે તેવો વિદ્યાભ્યાસ કરે પણ જ્યાં સુધી શુદ્ધ કેળવણીયુક્ત જ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી મેળવેલ દરેક વિદ્યા પોપટીઆ જ્ઞાન બરાબર લેખાય છે. આ અમૂલ્ય જીંદગી તેવું પોપટીયું જ્ઞાન મેળવવામાં વ્યર્થ ગુમાવવા કરતાં તેની અંદર સાચી કેળવણીયુક્ત નિર્મળ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો યોગ્ય છે.

આંતરિક કેળવણી દરેક શુભાશુભ વસ્તુની ખોજ કરાવે છે, ને નવા નવા વિચારો હૃદયમાં પ્રગટાવી સન્માર્ગે ચાલવા પ્રેરણા કરે છે. વળી રસ્તામાં નડતા અગવડરૂપી કાંટા કાંકરા હોય તેને શુદ્ધ જ્ઞાનવડે જોઈ દૂર કરવા સતત્ પ્રયત્ન કરે છે. તેની સોબતમાં રહેનારને પણ તેવા શુદ્ધ માર્ગે દોરવવા કોશિષ કરે છે. તે પોતે સમજે છે કે આ મનુષ્યજીંદગી ફરી ફરી મળવી મહા દુર્લભ છે. તો આ અવસરે પ્રમાદ કરી પોપટીયું જ્ઞાન પ્રાપ્ત કરવામાં પોતાનો અમૂલ્ય અવસર એળે ગુમાવવો તે મોટી ભૂલ છે.

પૂર્વ પુરૂષો પોતાનાં નામો અમર રાખી સ્વર્ગ અને અપવર્ગના અધિકારી થયા છે તે શુદ્ધ જ્ઞાનનોજ પ્રભાવ સમજવો.

શુદ્ધ જ્ઞાનનો સામાન્ય અર્થ એજ થાય છે કે–બરાબર સમજીને જ્ઞાન પ્રાપ્ત કરવું. તેવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નમ્રતાની ખાસ જરૂર છે.

દરેક વિદ્યાર્થી તેમજ વિદ્યાગુરૂઓને મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે–આધુનિક જમાનામાં ચાલતો પોપટીયા જ્ઞાનનો પ્રવાહ અટકાવી શુદ્ધ જ્ઞાન શીખવા તથા શીખવવા પ્રયત્ન કરશો. એટલું કહીને વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्मक्रिया–विवेक.

(૧)

શ્રાવક શ્રાવિકાઓ અનેક પ્રકારની તપસ્યાઓ કરે છે, પરંતુ તેની અંદર જોઈતો વિવેક જળવાતો ન હોવાથી તેમનો તપ પૂર્ણ ફળદાયક થતો નથી.

કોઈપણ તપસ્યા કરવાની હોય ત્યારે ઉત્તરવારણામાં કે પારણામાં વધારે આસક્તિ ખાનપાનપર રાખવી ન જોઇએ, કેટલાક ખાસ એવી લાલચને લઇનેજ તપસ્યા કરે છે એમ કહેવાય છે તે ઇષ્ટ નથી. આ બાબત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

નવકારશીનું પ્રત્યાખ્યાન સૂર્યોદય પછી ૪૮ મિનિટે (બે ઘડીએ) પારી શકાય; વહેલું પરાય નહીં, તેમજ પોરિસીનું પચ્ચખ્ખાણ સૂર્યોદય પછી એક પહોરે (ત્રણ કલાકે અથવા દિવસના ચોથા ભાગે) પરાય; વહેલું ન પરાય, છતાં તેનો ખ્યાલ રાખવામાં આવતો નથી. આ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવાની છે.

સાંજે ચોવિહાર કરનારે ગરમ પાણી પીતા હોય કે ટાઢું પાણી પીતા હોય પણ દિવસ છતાં ચોવિહાર કરવો જોઇએ, તેને બદલે પ્રમાદમાં રહીને મોડો ચોવિહાર કરતા દેખાય છે, તે બાબત ખાસ ધ્યાનમાં રાખી બને તેટલો વહેલો ચોવિહાર કરવો જોઇએ. તપસ્યાને અંગે આટલી સૂચનાઓ જરૂરી છે.

(૨)

તીર્થયાત્રા કરવા જનારે માર્ગમાં કે તીર્થે જઇને ત્યાં ખાનપાનમાં કોઈપણ પદાર્થ અભક્ષ્ય વાપરવો ન જોઇએ. રાત્રીએ ચા દુધ કે કાંઈપણ પદાર્થ લેવો ન જોઇએ. પર્વતિથિ હોય તો લીલી વનસ્પતિનો ઉપયોગ કરવો ન જોઇએ. બની શકે તો સવારે સાંજે કે બંને ટંક પ્રતિક્રમણ કરવું જોઇએ. સચિત્ત જળ તજવું જોઇએ. પગે ચાલીને યાત્રા કરવી જોઇએ. બની શકે તેટલી એકાશન વિગેરે તપસ્યા કરવી જોઇએ. દરેક ચૈત્યના દર્શન વિવેકપુરઃસર શાંતિથી કરવા જોઇએ. ત્યાં બીરાજતા મુનિઓને વંદન કરવું જોઇએ અને સુપાત્રદાનનો બની શકે તેટલો લાભ લેવો જોઇએ; કારણકે તીર્થે સુપાત્રદાન દેવાથી ફળ પ્રાપ્તિ વિશેષ થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

તીર્થમાં અવકાશના વખતનો ખેલ ખેલવામાં, રમત ગમતમાં કે એવા બીજા કાર્યમાં ઉપયોગ ન કરતાં સારાં સારાં પુસ્તકો, તીર્થોનાં વર્ણનો, તીર્થના માહાત્મ્ય વિગેરે વાંચવામાં કરવો જોઇએ–ધર્મચર્ચામાં વખત વ્યતીત કરવો જોઇએ.

રાત્રિએ ભૂમિશયન કરવું. સ્ત્રીસેવન તો કદિ પણ ન કરવું, એ વાત ખાસ લક્ષ્યમાં રાખવી. સ્ત્રી સાથે હોય તો તેને તેમજ બીજાઓને સદુપદેશ આપી- સારી સારી વાર્તા કરી આનંદ ઉપજાવવો, અર્થાત્ વખતનો બને તેટલો સદુપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ કરવો. મુનિરાજ હોય તો તેનો વિશેષ પરિચય કરી તેમની પાસે ધર્મોપદેશ સાંભળવો. ટુંકામાં તીર્થયાત્રામાં ઘરેથી નીકળીને પાછા આવતાં સુધીના દિવસો તમામ લેખે લાગે–જીંદગીમાં એ અક્ષરો સોનેરી ગણાય એમ કરવાનું ખ્યાલમાં રાખવું.

( ૩ )

## પ્રભુની પૂજાને અંગે વિવેક.

૧ ન્હવણ પૂજા માટેના પંચામૃતમાં નિર્મળ જળની અંદર વધારે દુધ અને થોડું થોડું દહીં, ઘી અને સાકર મેળવવાં. ફુલ નાખવા નહીં. પાંખડી તો ફુલની કરવી કે નાખવીજ નહીં.

૨ પખાળ કરતાં વાળાકુંચી ખાસ જરૂર જણાય ત્યાંજ વાપરવી; બાકી લુગડાનાં પોતાંવડેજ આખું અંગ સાફ કરવું.

૩ અંગલુહણા મેલા નહીં, ફાટેલા નહીં, તેમજ કર્કશ નહીં–એવા અને સુકોમળ રાખવા.

૪ બરાસ અને ચંદન ઉંચી જાતના સુગંધી વાપરવા અને તેનું પ્રભુને આખે શરીરે વિલેપન કરવું. વિશુદ્ધ કેશર વિગેરે પૂજામાં વાપરવું.

૫ પુષ્પ સારા સુંદર વિકસ્વર વાપરવા. હાર ગુંથેલાજ વાપરવા; શીવેલા હાર ભૂલે ચૂકે ચડાવવા નહીં.

૬ ધુપ સુગંધી વસ્તુનો કરવો. અગરવાટ પણ ધુપધાણામાં મૂકીને ઉખેવવી; હાથમાં ઉંબાડીઆની જેમ ન રાખવી.

૭ દીપ પૂજામાં બનતા સુધી ઘીનો દીવો કરવો, તે ઉઘાડો ન મૂકવો. તેવી જોગવાઈ ન બને તો કર્પૂરનો દીપક કરવો.

૮ ધુપ અને દીપ પૂજા ગભારાની બહાર રહીને કરવી, જેથી પ્રભુને તેનો ધુમાડો ન લાગે અને ગભારો કાળો ન થાય.

૯ અક્ષત સુંદર અને બનતા સુધી અખંડ વાપરવા. તેનો સ્વસ્તિક કરવો, નંદાવર્ત કરવો અને આવડે તો ક્વચિત્ ક્વચિત્ અષ્ટ મંગળિક પણ આળેખવા.

૧૦ ફળ ને નૈવેદ્ય સુંદર અને શ્રેષ્ટ ચડાવવાં. બનતા સુધી નવો પદાર્થ પોતે વાપર્યા અગાઉ પ્રભુ પાસે ધરવાનો વિવેક રાખવો.

૧૧ અષ્ટ પ્રકારી પૂજા કરી રહ્યા પછી ચૈત્યવંદન તો અવશ્ય કરવું. કારણ કે દ્રવ્યપૂજાનું ફળ ભાવપૂજા કરવાથીજ વૃદ્ધિ પામે છે. ચૈત્યવંદન શરૂ કર્યા પછી અન્ય કોઈ કાર્ય કરવું નહિ, તેમ અન્ય કાર્યમાં ચિત્ત પરોવવું નહિ.

૧૨ પ્રભુને શરીરે બે ચક્ષુ ને એક ટીલા શિવાય બીજું કાંઈ ન ચોટાડવું, જેથી વિલેપન પણ બરાબર કરી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ બનતા સુધી પ્રભુના શરીર ઉપરજ પૂજા કરવી; આંગીના ખોળાં ઉપર તો અણુછુટકે કરવી કરાવવી.

૧૪ જિનમંદિરમાં જેમ બને તેમ સ્વચ્છતા રાખવી ને રખાવવી.

૧૫ જિનપૂજા કરવાનાં વસ્ત્રો બનતા સુધી દરરોજ ધોવરાવવાં. છેવટ ધોતીયું તો ધોવરાવીનેજ વાપરવું. શક્તિવાળાએ પોતાના ઘરનાં લુગડાં રાખવાં.

૧૬ જિનચૈત્યને અંગે દશ ત્રિક, પાંચ અભિગમ, ત્રણ પ્રણામ વિગેરે ચૈત્યવંદન ભાષ્ય વિગેરેના અભ્યાસથી જરૂર જાણી લેવાનો ખપ કરવો.

# ભારતવર્ષના ઇતિહાસનું રહસ્ય.

(શ્રીયુત્ ચારૂચન્દ્રવસુ મહાશયે 'ધમ્મપદમ્' નામના ગ્રંથનો બંગાળી અનુવાદ પ્રગટ કર્યો, તે ઉપર ઉપોદ્‌ઘાતરૂપે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એક બહુ સુન્દર લેખ લખ્યો છે, તેનું ભાષાન્તર ગુજરાત પુરાતત્ત્વ મંદિર તરફથી બહાર પડેલ 'પ્રાચીન સાહિત્ય' નામના ગ્રંથમાં પ્રગટ થયેલ છે, તેમાંથી અમારા વાંચકોને રસમય તેમજ બોધક લાગશે, એમ ધારીને નીચેના ભાગનું અવતરણ અહિં પ્રગટ કરવું ઉચિત ધાર્યું છે. ) તંત્રી.

જેમ બધા માણસનાં જીવનચરિત્ર એક જાતનાં ન હોઈ શકે તેમ બધા દેશના ઇતિહાસ પણ એક જાતના હોઈ શકે નહિ. એમ કહેવાય છે કે ભારતવર્ષના ઇતિહાસનાં સાધન મળતાં નથી, પરંતુ તેમાં ખરી વાત એટલીજ છે કે ભારતવર્ષના યૂરોપીય પદ્ધતિના ઇતિહાસ માટે સાધન મળી શકતાં નથી. કારણ ભારતવર્ષનો ઇતિહાસ રાષ્ટ્રીય ઇતિહાસ નથી. ભારતવર્ષમાં એક અથવા વધારે પ્રજાઓ ભેગી મળીને કોઈ દિવસ રાષ્ટ્રનો ચાક ચલાવી શકી નથી; તેથી કરીને આપણા દેશમાં કોણ ક્યારે રાજા થયો, તેણે કેટલાં વર્ષ રાજ્ય કર્યું વિગેરે હકીકત ઘટના ક્રમાનુસાર સાચવી રાખવાની દેશમાં કોઇના મનમાં ખટક રહેલી નહિ.

ભારતવર્ષે જો કદી એક રાષ્ટ્ર—નેશન બનવાનો પ્રયત્ન કર્યો હોત તો તેના ઇતિહાસ માટે સારાં અને મ્હોટાં મ્હોટાં સાધનો મળી શકત અને ઇતિહાસકારોનું કામ ઘણે દરજ્જે સહેલું થાત. પરંતુ આમ કહેવામાં અમે કબૂલ નથી કરી લેતા કે ભારતવર્ષે પોતાના ભૂતને અને ભવિષ્યને અમુક એક સૂત્રથી ગુંથી રાખ્યું નથી, તે સૂત્ર સૂક્ષ્મ છે, પરંતુ તેનું બળ સાધારણ નથી. તે સ્થૂલ રૂપે દેખી શકાતું નથી, છતાં આજ સુધી તેણે આપણને વિચ્છિન્ન થવા દીધા નથી. તેણે સર્વત્ર ભેદ વિનાની એકતા સ્થાપી છે એવું નથી; પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા સઘળા ભેદોમાં અને અસમાનતામાં ઉંડે ઉંડે એક મૂળગત, અપ્રત્યક્ષ સંબંધસૂત્ર તેણે બાંધી રાખ્યું છે. તેથી **મહાભારતમાં** વર્ણવેલું **ભારત** અને વર્તમાન ભારત જુદી જુદી અને મહત્ત્વની બાબતોમાં ભિન્ન હોવા છતાં ઉભયની નાડીનો સંબંધ તૂટતો નથી.

તે સંબંધજ **ભારતવર્ષની** બીજી સર્વ બાબતો કરતાં સાચો છે અને તે સંબંધનો ઇતિહાસ તેજ ભારતવર્ષનો યથાર્થ ઇતિહાસ છે. તે સંબંધ શાને લઇને છે ? પહેલાંજ કહી ગયા કે 'રાષ્ટ્રીય સ્વાર્થને લઇને નથી.' એકજ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે '**ધર્મને** લઇને છે.'

પરંતુ 'ધર્મ શું ?' તે સંબંધે તો તકરારનો પાર **નથી. અને ભારતવર્ષમાં** ધર્મનું બાહ્ય રૂપ જુદાં જુદાં પરિવર્તનોને પામ્યું છે, તેમાં પણ સન્દેહ **નથી.**

તેમ છતાં એ યાદ રાખવાનું છે કે–પરિવર્તન એટલે વિચ્છેદ **નથી.** શૈશવમાંથી યૌવનમાં પરિવર્તન થાય છે તેમાં વિચ્છેદ થતો **નથી. યુરોપના** ઇતિહાસમાં પણ રાષ્ટ્રીય સ્વરૂપનાં ઘણાં પરિવર્તન થયાં છે. તે સઘળાં પરિવર્તનમાં પરિણતિનું દર્શન કરાવવું એ ઇતિહાસકારોનું કાર્ય છે.

યુરોપની પ્રજાઓએ તેમના વિવિધ પ્રયાસો અને પરિવર્તનો દ્વારા મુખ્યત્વે એક રાષ્ટ્ર સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. **ભારતવર્ષના** લોકોએ જુદા જુદા પ્રયાસ અને પરિવર્તનો દ્વારા ધર્મને સમાજમાં **મૂર્તિમન્ત** કરવાના પ્રયત્નો કર્યા છે. આ એક તેના પ્રયાસમાં જ પ્રાચીન **ભારત** સાથે અર્વાચીન **ભારતની** એકતા છે.

યુરોપમાં ધર્મની ભાવનાએ ગૌણ કાર્ય કર્યું છે, રાષ્ટ્રની ભાવનાએ પ્રધાન કાર્ય કર્યું છે. ત્યાં ધર્મનો ઉદ્‌ભવ સ્વતંત્ર થયેલો હોવા છતાં તે રાષ્ટ્રનું અંગ થઈ ગયો છે. ત્યાંના જે દેશમાં દૈવયોગે તેમ બન્યું નથી ત્યાં રાષ્ટ્રની સાથે ધર્મને સદાનો વિરોધ રહી ગયો છે.

આપણા દેશમાં મોગલ રાજ્યના સમયમાં **શિવાજીની** સરદારી નીચે જ્યારે રાષ્ટ્રીય ભાવનાએ માથું ઉંચક્યું, ત્યારે પણ ધર્મને લક્ષ્યમાં રાખવાનું ભૂલાયું નહતું. શિવાજીના ધર્મગુરૂ રામદાસ તે પ્રવૃત્તિના મુખ્ય સ્તંભ હતા. એટલું સ્પષ્ટ છે કે ભારતવર્ષમાં રાષ્ટ્રભાવના ધર્મની અંગીભૂત થયેલી છે.

'પૉલિટિક્સ' અને 'નેશન' નો ઇતિહાસ જેમ **યુરોપનો** ઇતિહાસ છે તેમજ ધર્મનો ઇતિહાસ તેજ ભારતવર્ષનો ઇતિહાસ છે. 'પૉલિટિક્સ' અને 'નેશન' એ શબ્દોનો કે તેની ભાવનાનો જેમ આપણી ભાષામાં અનુવાદ થઈ શકતો નથી, તેમ 'ધર્મ' શબ્દ માટે યોગ્ય શબ્દ **યુરોપની** ભાષાઓમાં શોધ્યો જડતો નથી. તેથી જ ધર્મને અંગ્રેજી 'રિલિજિયન' રૂપે માનવામાં આપણે અનેકવાર ગોથાં ખાઇએ છીએ; તેમ જ ધર્મની ભાવનામાં એકતા તેજ ભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતવર્ષની એકતા છે એ વચન સ્પષ્ટ સમજાતું નથી.

મુખ્યત્વે કયા ફળ પ્રતિ લક્ષ્ય રાખીને માણસ કામ કરે છે તે જોવાથી તેના સ્વભાવનો પરિચય થાય છે. મને લાભ થશે એ લક્ષ્ય રાખીને ધનસંચય થઈ શકે અને હું કલ્યાણ કરીશ એ લક્ષ્ય રાખીને પણ ધનસંચય થઈ શકે. જે વ્યક્તિ કલ્યાણને માનનાર છે તેને ધનસંચય કરવાના પ્રયાસમાં અનેક અપ્રાસંગિક વિઘ્નો આવે છે અને તે સઘળાં સાવધ રહી દૂર કરી તેને આગળ વધવું પડે છે. જે વ્યક્તિ પોતાના લાભનો વિચાર કરનાર છે તેને આવાં કોઇ વિઘ્નો નડતાં નથી.

હવે સવાલ એ છે કે કલ્યાણને શા માટે માનવું ? સમસ્ત ભારતવર્ષ શું સમજીને લાભ કરતાં કલ્યાણને, પ્રેય કરતાં શ્રેયને અધિક માને છે ? તેનો વિચાર કરવો જોઇએ.

જે વ્યક્તિ સંપૂર્ણ છે તેને સારૂં નરસું કાંઇ નથી. આત્મ–અનાત્મના યોગમાં સારા નરસા સકળ કર્મનો ઉદ્‌ભવ છે. એટલે પ્રથમ આ આત્મ–અનાત્મના સત્ય સંબંધનો નિર્ણય કરવો આવશ્યક છે. આ સંબંધનો નિર્ણય કરવો અને તેનો સ્વીકાર કરીને જીવનકાર્ય ચલાવવું એ હમેશાં ભારતવર્ષની સર્વથી મુખ્ય પ્રવૃત્તિ હતી.

ભારતવર્ષમાં આશ્ચર્ય તો એ દેખાઇ આવે છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયે આ સંબંધનો નિર્ણય ભિન્ન ભિન્ન રીતે કર્યો છે, છતાં વ્યવહારમાં સર્વે એક જ સ્થળે આવીને મળ્યા છે. ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર રીતે ભારતવર્ષે એક જ વાત કહી છે.

એક સંપ્રદાય કહે છેઃ–આત્મ—અનાત્મ વચ્ચે કાંઈ ખરો ભેદ નથી, ભેદની પ્રતીતિ થાય છે તેનું કારણ અવિદ્યા છે.

પરંતુ જ્યારે કાંઈ ભેદ નથી ત્યારે તો સારા નરસાનો કાંઈ સવાલ જ રહેતો નથી. પણ એમ સહેલથી તેનો ફડચો આવતો નથી. જે અજ્ઞાનથી એક વસ્તુ તે બે છે એમ જણાય છે તે અજ્ઞાનનો નાશ કરવો જોઇએ, નહીં તો માયાના ચક્રમાંથી દુઃખનો અંત નહિ આવે. આ લક્ષ્ય તરફ દૃષ્ટિ રાખીને અમુક કાર્ય સારૂં કે નરસું તે નક્કી કરવું જોઇએ.

બીજો સંપ્રદાય કહે છેઃ–આ સંસારના આવરણમાં આપણે વાસનાને લીધે બંધાઇને પડીએ છીએ અને દુઃખી થઇએ છીએ, એક કર્મમાંથી બીજા કર્મમાં એમ અન્તહીન કર્મશૃંખલા રચ્યા જઇએ છીએ. તે કર્મપાશનું છેદન કરી મુકત થવું એ જ મનુષ્યનું એક માત્ર શ્રેય છે.

પરંતુ ત્યારે તો સકળ કર્મ જ બંધ કરવાં પડે પણ તેમ નથી. એટલો સહેલથી ફડચો નથી આવતો. કર્મને એવી રીતે નિયંત્રિત કરવાં જોઇએ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી કર્મનાં દુશ્છેદ્ય બંધન ધીમે ધીમે શિથિલ થતાં જાય. આ દિશામાં દૃષ્ટિ રાખીને કયું કર્મ શુભ ને કયું કર્મ અશુભ તે નક્કી કરવું જોઇએ.

ત્રીજો એક સંપ્રદાય કહે છેઃ—આ સંસાર ભગવાનની લીલા છે. આ લીલાના મૂળમાં જે પ્રેમ, જે આનંદ છે, તેનો અનુભવ કરી શકીએ તેમાં આપણી સાર્થકતા છે.

આ સાર્થકતાનો ઉપાય પણ પૂર્વોક્ત બે સંપ્રદાયોના ઉપાયથી વસ્તુતઃ ભિન્ન નથી. આપણી વાસના દાબી શકીએ નહિ તો ભગવાનની ઇચ્છા અનુભવી શકીએ નહિ. ભગવાનની ઈચ્છામાં જ પોતાની ઇચ્છાનું મુક્તિદાન તેજ ખરી મુક્તિ છે. તે મુક્તિને લક્ષ્યમાં રાખીને શુભાશુભ કર્મનો નિર્ણય કરવો જોઇએ, જેમણે અદ્વૈતાનંદને લક્ષ્યમાં રાખ્યું છે, તેઓ પણ વાસનામોહનું છેદન કરવા ઉદ્યમ કરી રહ્યા છે; જે કર્મની અનન્ત શૃંખલામાંથી મુક્તિ મેળવવાની ઈચ્છાવાળા છે તેઓ પણ વાસનાને છેદી નાખવા ઇચ્છે છે; અને ભગવાનના પ્રેમમાં જેઓ પોતાની જાતને લીન કરી દેવામાં શ્રેય માનનારા છે, તેઓ પણ વિષયવાસનાને તુચ્છ ગણવાનો ઉપદેશ કરે છે.

જો આ સઘળા ભિન્નભિન્ન સંપ્રદાયના ઉપદેશજ માત્ર આપણા અજ્ઞાનનો વિષય હોત તો તો આપણા પરસ્પર વિરોધનો પાર ન રહેત, પરંતુ આ ભિન્ન ભિન્ન સંપ્રદાયોએ તેમનાં ભિન્ન ભિન્ન તત્ત્વને આચારમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. તે તત્ત્વ ગમે તેટલું સૂક્ષ્મ અથવા ગમે તેટલું સ્થૂલ હોય અને તેનું વ્યવહારમાં અનુકરણ કરવાને ગમે તેટલી મુશ્કેલીઓ પડે તો પણ આપણા ગુરૂઓએ નિર્ભય ચિત્તે તે સર્વનો સ્વીકાર કરીને તે તત્ત્વને આચારમાં સફળ કરવાનો પ્રયાસ કર્યો છે.

ભારતવર્ષ કોઇ પણ મ્હોટા તત્ત્વને અસાધ્ય અથવા સંસારયાત્રા સાથે અસંગત ગણી, ભીરૂતાને વશ થઇ, કદી તે તત્ત્વને તત્ત્વ જ રાખી મૂકતું નથી. તેથીજ એક સમયે જે ભારતવર્ષ માંસાહારી હતું તે જ ભારતવર્ષ આજ મ્હોટે ભાગે નિરામિષ થઇ ગયું છે. આ પ્રકારનું દૃષ્ટાન્ત જગતમાં બીજે કયાંય મળી શકશે નહીં. જે યુરોપ જાતિગત અભ્યુદય માટેના પરિવર્તનના પાયા તરીકે લાભને જ લક્ષ્ય માને છે, તે એમ કહી શકે કે હિંદુસ્તાનમાં ખેતીને લીધે આર્થિક કારણે ગોમાંસભક્ષણ થતું નથી પણ એમ નથી. મનુસ્મૃતિ આદિ શાસ્ત્રોમાં માંસાહાર વિહિત છતાં માંસાહાર તેમજ મત્સ્યભોજન જેવો બીજો આહાર પણ ભારતવર્ષમાં અનેક સ્થાનમાંથી લુપ્ત થયો છે.

એટલે કે તત્ત્વજ્ઞાન જેટલે દૂર પહોંચ્યું છે તેટલે દૂર ભારતવર્ષ આચારને પણ ખેંચી ગયું છે. ભારતવર્ષે વિચાર તથા આચારમાં ભેદ માન્યો નથી. તેથીજ આપણા દેશમાં કર્મ એજ ધર્મ છે. આપણે કહીએ છીએ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યના કર્મ માત્રનું પરમ લક્ષ્ય કર્મદ્વારા મુક્તિ છે. મુક્તિના ઉદ્દેશથી કર્મ કરવું એ ધર્મ છે.

પ્રથમ જ કહી ગયા છીએ કે વિચારની બાબતમાં આપણામાં જેટલી વિભિન્નતા છે તેટલી જ આચારની બાબતમાં એકતા છે. અદ્વૈતાનુભવને મુક્તિ કહો, અથવા સંસ્કાર જેમાંથી જતા રહ્યા છે એવા નિર્વાણની વાસનાને મુક્તિ માનો અથવા ભગવાનના અનિર્વચનીય પ્રેમસ્વરૂપ ભક્તિદ્વારા મુક્તિ ગણો, પ્રકૃતિભેદને લીધે મુક્તિનો અમુક આદર્શ અમુક માણસને આકર્ષણ કરે, પણ તે મુક્તિને માર્ગે જવાના ઉપાયમાં તો એક પ્રકારની એકતા જ છે. તે એકતા બીજી કાંઈ નહિ પણ કર્મમાત્રનેજ નિવૃત્તિ તરફ વાળવાની છે. સીડીની પાર જવાનો ઉપાય સીડી જ છે, તેમ ભારતવર્ષમાં કર્મની પાર જવાનો ઉપાય કર્મજ છે. આપણાં સઘળાં શાસ્ત્રપુરાણોમાં આ જ ઉપદેશ છે અને આપણો સમાજ આજ ભાવના ઉપર સ્થપાયેલો છે.

યુરોપ કર્મને કર્મમાંથી મુક્તિ મેળવવાની નીસરણી બનાવતું નથી, કર્મને જ લક્ષ્ય માને છે. આ કારણને લીધેજ યુરોપમાં કર્મસંગ્રામનો અન્ત આવ્યો નથી. ત્યાં ધીમે ધીમે પ્રવૃત્તિ એટલી વિવિધ અને વધારે થઇ ગઇ છે કે કૃતકાર્ય થવાનો જ સૌને ઉદ્દેશ હોય છે. યુરોપનો ઇતિહાસ તે કર્મનો ઇતિહાસ છે.

યુરોપ કર્મને મહત્ત્વ આપે છે તેનો અર્થ એ કે–કર્મ કરવાના સંબંધમાં સૌ સ્વતંત્રતા ઇચ્છે છે. મારી મરજીમાં જે આવશે તે હું કરીશ, તે સ્વતંત્રતા જ્યાં અન્યની કર્મ કરવાની સ્વતંત્રતાને હણે ત્યાંજ માત્ર કાયદાનું પ્રયોજન છે. કાયદાના શાસન સિવાય આવા સમાજમાં પ્રત્યેકની યથેચ્છ સ્વતંત્રતા રહી શકતી નથી. તેથીજ યુરોપીય સમાજનાં સઘળા શાસન અથવા શાસનનો અભાવ દરેક મનુષ્યની ઇચ્છાને સ્વતંત્ર કરવા માટે જ કલ્પેલો છે.

ભારતવર્ષ પણ સ્વતંત્રતા ઇચ્છે છે, પરંતુ તે સ્વતંત્રતા કર્મના બંધનથી મુક્ત થવાની છે. આપણે જાણીએ છીએ કે આપણે જેને સંસાર કહીએ છીએ તેમાં વસ્તુતઃ કર્મ પોતેજ કર્તા છે, મનુષ્ય તો માત્ર તેનું વાહન છે. જન્મથી તે મૃત્યુ પર્યંત આપણે એક વાસના પછી બીજી વાસનાને, એક કર્મ પછી બીજાં કર્મને વહન કરી રહ્યા છીએ. શ્વાસ ખાવાનો પણ સમય મળતો નથી; અને જોતજોતામાં તો કર્મનો ભાર બીજા કોઇની કાંધે નાખી મૃત્યુમાં સરી પડીએ છીએ. આમ વાસનામાં ધકેલાઇ આખી જીંદગી સુધી અન્તહીન કર્મ કર્યા જવાનું જે અવિરામ દાસત્વ છે તેનો ભારતવર્ષ ઉચ્છેદ કરવા ચહાય છે.

આ લક્ષ્યના ભેદને લીધેજ–આ આદર્શની ભિન્નતાને લીધેજ યુરોપ વાસનાને જોઇએ તેટલી સ્વતંત્રતા આપે છે અને આપણે વાસનાને બની શકે તેટલી અંકુશમાં રાખીએ છીએ. વાસના કદી પણ શાન્તિ આપતી નથી, પરિણામ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીન કર્મમાં પ્રવૃત્તિને જાગૃત રાખે છે. તેને આપણે વાસનાનું દૌરાત્મ્ય કહી તે પ્રત્યે અસહિષ્ણુ થઈ જઈએ છીએ. યુરોપ કહે છેઃ–" વાસના કોઇ અન્તિમ સ્થાને પહોંચાડતી નથી. પરંતુ તે સદા આપણી પ્રવૃત્તિને ઉત્તેજિત રાખે છે, અને તેમાંજ તેનું ગૌરવ છે. પ્રાપ્તિમાં નહિ પણ તેની શોધમાં જ આનંદ છે." ભારતવર્ષ કહે છેઃ–" તમે જેને પ્રાપ્તિ કહો છો તેમાં આનંદ નથી એ વાત ખરી; કારણ તે પ્રાપ્તિથી આપણી પ્રવૃત્તિ અટકતી નથી. એક પ્રાપ્તિ આપણને બીજી પ્રાપ્તિ તરફ ખેંચી જાય છે. દરેક માણસ પ્રાપ્તિને જ અન્ત માની ભ્રમમાં પડે છે, અને પછી જુવે છે કે ત્યાં અન્ત નથી. અમુક પ્રાપ્તિથી આપણને શાન્તિ મળશે, તેથી આપણી પ્રવૃત્તિનો અન્ત આવી જશે, એવો ભ્રમ આપણને ભ્રષ્ટ કરે છે, આપણને કોઇ રીતે મુક્તિ આપતો નથી. વાસના માત્ર મુક્તિની વિરોધી છે. તે વાસનાને આપણે બળહીન કરી નાખવી જોઈએ, આપણે કર્મને જીતવા દેવું જોઈએ નહિ પણ તેને જ જીતવું જોઇએ."

આપણા ગૃહધર્મમાં, આપણા સંન્યાસધર્મમાં, આપણા આહારવિહારના નિયમસંયમમાં, આપણા વૈરાગી ભિક્ષુકના જ્ઞાનથી તે તત્ત્વજ્ઞાનીની શાસ્ત્રવ્યાખ્યા પર્યંત સર્વત્ર, આપણે ત્યાં આજ ભાવનાનું આધિપત્ય છે. ખેડુતથી પંડિત સુધી સઘળા કહે છે કે–' આપણને દુર્લભ માનવજન્મ પ્રાપ્ત થયો છે તે બુદ્ધિપૂર્વક મુક્તિનો માર્ગ ગ્રહણ કરવા માટે છે. સંસારના અન્તહીન ચક્રમાંથી બહાર નીકળી જવા માટે છે.'

સંસ્કૃત ભાષામાં 'ભવ' શબ્દનો ધાતુગત અર્થ "હોવુ" છે. ભાવના બંધન અર્થાત્ "હોવાં" ના બંધન આપણે કાપવા ઇચ્છીએ છીએ. યુરોપ "હોવા" ને ખુબ ચહાય છે. આપણે એકદમ " ન હોવા " ને ચાહીએ છીએ.

આ પ્રમાણે ભયંકર સ્વતંત્રતાનો પ્રયાસ સારો છે કે નરસો તેની મિમાંસા કરવી ઘણી કઠણ છે. આ જાતની નિરાસક્તિ જેમને સ્વભાવસિદ્ધ છે તેમને આસક્ત લોકના સંઘર્ષમાં વિપદ્ આવી પડે, એટલુંજ નહિ પણ નષ્ટ થઇ જવાનો પ્રસંગ પણ આવે. તેના જવાબમાં આપણે કહી શકીએ કે મોતથી બચવું એ સાર્થકતાની અન્તિમ પરીક્ષા નથી. ફ્રાન્સે તેના ભિષણ રાષ્ટ્રવિપ્લવમાં સ્વતંત્રતાના એક વિશેષ આદર્શને વિજયી કરવાની પ્રવૃત્તિ કરી, તે પ્રવૃત્તિ તેની પડતીનું મોટું કારણ થઇ. કદાચ ફ્રાન્સ તેમાં મરી પણ ગયું હોત, તો પણ શું તેથી તેનું ગૌરવ કમી થાત ? એક ડુબતા માણસને બચાવવાના પ્રયાસમાં એક માણસનો જીવ જાય અને એક માણસ તીરે જ ઉભો રહે–તેથી શું બચાવ કરવાના પ્રયાસને–મૃત્યુનો વિચાર કરીને–કદી પણ ધિક્કારી કાઢી શકાશે ? પૃથ્વી ઉપર આજે સઘળા દેશોમાં વાસનાનો અગ્નિ પ્રજળી રહ્યો છે અને પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષિઓના આધ્યાત્મિક ઉત્કર્ષ થઈ પડ્યો છે. આજે કદી ભારતવર્ષ જડભાવે નહિ–મૂઢભાવે નહિ પણ જાગૃત સચેતન ભાવે વાસનાનાં બંધનમાંથી મુક્તિના આદર્શને, શાન્તિની જયપતાકાને આ પૃથ્વીવ્યાપી રક્તરંગી હિલ્લોળમાં અવિચલિત દૃઢ હસ્તે ધારણ કરતાં મરી જાય તો અન્ય સકળ તેનો ગમે તેટલો તિરસ્કાર કરે પણ મૃત્યુ તેને અપમાનિત કરશે નહિ.

પરંતુ આ તર્કનો અત્રે વિસ્તાર કરવાનું સ્થાન નથી. મુખ્ય વાત એ છે કે યુરોપના ઇતિહાસની સાથે આપણા ઇતિહાસની સરખામણીજ થઈ શકતી નથી, એ વાત આપણે વારંવાર ભૂલી જઈએ છીએ. જે ઐક્યસૂત્રથી ભારતવર્ષનું ભવિષ્ય ગુંથાયું છે તેનું યથાર્થ રીતે અનુસરણ કરવાથી આપણાં શાસ્ત્ર, પુરાણ, કાવ્ય, સામાજિક અનુષ્ઠાન વિગેરેમાં પ્રવેશ થઈ શકશે. રાજવંશાવળી માટે વૃથા દિલગીર થવામાં વિશેષ લાભ નથી. યુરોપીય ઇતિહાસના આદર્શ પ્રમાણે ભારતવર્ષના ઇતિહાસની રચના કરવી પડશે એ વાત તો આપણે એકદમ ભૂલી જ જવી જોઈએ.

આ ઇતિહાસનાં ઘણાં સાધનો બૌદ્ધ શાસ્ત્રોમાં ગૂંથાયલાં છે. તે બાબત કોઈ પણ જાતની શંકા નથી. આપણા દેશમાં બહુ સમય થયાં અનાદર પામેલાં આ બૌદ્ધશાસ્ત્રોનો ઉદ્ધાર કરવા યુરોપીય પંડિતો પ્રવૃત્ત થયેલા છે. આપણે તેઓને પગલે ચાલવાની વાટ જોતા બેઠા છીએ. એજ આપણા દેશને ભારે શરમની વાત છે. દેશ પ્રત્યેનો આપણો સઘળો પ્રેમ સરકારને બારણે ભીખ માગવામાં પર્યાપ્ત થાય છે. બીજી કોઈ દિશામાં તેની કાંઈ પ્રગતિ નથી. આવા મ્હોટા ભર્યા ભાદર્યા દેશમાંથી શું પાંચ માણસ પણ બૌદ્ધશાસ્ત્રોનો ઉદ્ધાર કરવાને માટે જીવનપર્યંતનું વ્રત લઈ શકે તેમ નથી ? આ બૌદ્ધશાસ્ત્રોના પરિચયને અભાવે તો ભારતવર્ષનો આખો ઇતિહાસ કાણોકુબડો થઈ ગયો છે. આ પરિસ્થિતિ જોઈને પણ શું દેશના કોઈ તરૂણ યુવાનનો ઉત્સાહ આ માર્ગે વળશે નહિ? × ( પ્રાચીન સાહિત્ય. પૃષ્ઠ ૧૦૪ થી ૧૧૫. )

× આ આખો ફકરો જૈન શાસ્ત્રો તેમજ જૈન પંડિતોને બરાબર લાગુ પડે છે. તેથી અહિં કરવામાં આવેલી અતિ અગત્યની સૂચનાનો જૈનપંડિતો તેમજ વિદ્વાનોએ જૈન શાસ્ત્રોના ઉદ્ધાર માટે સત્વર આદર કરવો એવી અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ.

## ૧ પ્રશ્નોત્તરી બોધમાળા.

આ બુક ગુરૂણીજી શ્રી ઉત્તમશ્રીજીના સદુપદેશથી મળેલી આર્થિક સહાયકે શ્રી પાલીતાણાનિવાસી શ્રાવિકા હરકોરે સંગ્રહ કરી છપાવીને બહાર પાડેલ છે. સામાન્ય અભ્યાસવાળા ને સામાન્ય બુદ્ધિવાળા તમામ શ્રાવક શ્રાવિકાઓને ખાસ વાંચવા લાયક છે. અંદર સંગ્રહ બહુ સારો કરવામાં આવ્યો છે. આ બુકના ચાર પાદ ( વિભાગ ) રાખવામાં આવ્યા છે. પહેલા પાદમાં જિનમંદિરને લગતી સામાન્ય હકીકત છે. બીજા પાદમાં શ્રાવકના બાર વ્રતોનું, શ્રાવકના ગુણોનું તથા બીજું મુનિવર્ગને લગતું ઘણું વર્ણન સમાવ્યું છે. ત્રીજા પાદમાં પ્રતિક્રમણનો વિષય ઠીક ચર્ચ્યો છે અને ચોથા પાદમાં તો પરચુરણ ઘણી બાબતો સમાવેલી છે. બધી બાબતો પ્રશ્નોત્તરના રૂપમાં લીધી છે. સોળપેજી ૩૫૦ પાનાની બુક છે. પાકા પુઠાં કરેલ છે. ઘણે ભાગે તો ભેટ આપવાની છે. સહાય સારી મળી છે. મંગાવવા ઇચ્છનારે પાલીતાણે ઠે૦ મોતીશાશેઠની ધર્મશાળામાં કરીને પત્ર લખવો.

## ૨ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ.

આ બુકના લેખક ને પ્રકાશક **મણિલાલ ન્યાલચંદ શાહ** છે. બુક ખાસ વાંચવા લાયક છે. મહા પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ૧૦૮ નામો કહેવાય છે, તે સંબંધી બની શકી તેટલી હકીકત પૂરી પાડી છે. પાર્શ્વનાથના ૨૩૦ નામો જુદા જુદા મળેલા તે પણ જણાવ્યા છે. બુકના બે ભાગ રાખ્યા છે. પહેલા ભાગમાં પાર્શ્વનાથ પરમાત્માના નામોનું વર્ણન છે. તેમાં ૨૨૮ પૃષ્ઠ રોક્યા છે. ત્યારપછી તીર્થમાળાના મથાળા નીચે આખા હિંદુસ્તાનના લગભગના મોટા શહેરો ને નાના મોટા તીર્થોનું ઓછુંવધતું વર્ણન આપ્યું છે. એમાં ૨૩૦ અંક ચઢાવ્યા છે. પૃષ્ઠો પણ ૨૨૦ રોક્યા છે.

આ બધો સંગ્રહ ઝવેરી મોહનલાલભાઈ મગનલાઈ અમદાવાદનિવાસીનો છે. એઓ ઘણા વર્ષોથી આનો સંગ્રહ કરતા હતા તેનું આ પરિણામ છે. દરેક જૈને આ બુક ઘરમાં રાખવા લાયક છે. બુક પાકી બંધાવેલી છે. બુકના પ્રમાણમાં કિંમત બહુજ ઓછી માત્ર આઠ આના રાખેલ છે. પોસ્ટેજ જુદું. મંગાવનારે અમદાવાદ ઠે૦ દોશીવાડાની પોળમાં ગોસાંઈના મંદિર પાસે કરીને પત્ર લખવો.

આ બંને બુકો ભેટ તરીકે મળી છે તે સ્વીકારીએ છીએ.

---

નવા જૈન પંચાંગ. સંવત ૧૯૭૯ના ચૈત્રથી સંવત ૧૯૮૦ના ફાગણ સુધીના.
કિંમત ૦—૦—૬ પાઇ. પોસ્ટેજ ૦—૦—૬

---

ગોહિલવાડના વીશાશ્રીમાળી જ્ઞાતિના ધારાની **નવી** બુક ભાવનગરના સભામાંથી ને પાલીતાણે નગરશેઠની દુકાનેથી ચાર આનાથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

હેડ ઓફીસ—ભાવનગર.

સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

ના૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી.

રૂા. ૫૦૦૦૦) પચાસ હજારની. એક ટીકીટની કિંમત રૂા. ૧)

પહેલું ઇનામ રૂા. ૫૦૦૦) પાંચ હજારનું મેળવવાને ભાગ્ય અજમાવો.

આ લોટરીના રૂા.૫૦૦૦૦)માંથી રૂ.૨૦૦૦૦) ઇનામમાં વહેંચવાનું ઠરાવવામાં આવ્યું છે. તે વીશ હજાર રૂપીઆનાં ઇનામોની સંખ્યા ૩૯૩૭ રાખવામાં આવેલ છે. ખાસ ખરીદ કરો.

કુંવરજી આણંદજી

વલ્લભદાસ ઉત્તમચંદ

સેક્રેટરીઓ.


---

## પ્રતિક્રમણના હેતુ.

આવૃત્તિ બીજી. કિંમત આઠ આના.

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ–શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરતાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરનાં સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુસાધ્વીઓએ પણ જેઓએ એ ગ્રંથ વાંચી ન હોય તેમણે વાંચવા યોગ્ય છે.

## વાર્તાના રસીયા માટે નાના નાના ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦—૩—૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦—૩—૦ |
| ૩ કુલ્લરાજ ચરિત્ર. | ૦—૪—૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦—૪—૦ |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦—૩—૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦—૬—૦ |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦—૪—૦ | ૮ છ મોટી કથા. | ૦—૩—૦ |
| ૯ તેર કાઠીયાની કથા. | ૦—૩—૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠિ ચરિત્ર. | ૦—૩—૦ |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦—૩—૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦—૩—૦ |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર. | ૦—૩—૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર. | ૦—૩—૦ |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦—૩—૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦—૬—૦ |

For Private And Personal Use Only